**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦-૦૦** (વિમાનથી) આજીવન **૫૦૦૦-૦૦**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ‘અધ્યાત્મ’ પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧. ફોન : **૨૨૦૬૫૫૧**

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- ‘અધ્યાત્મ’ અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**• You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | તંત્રીશ્રી | ૩ |
| ભાવાત્મક એકતાનો સંદેશ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી મધુભાઇ ભટ્ટને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૭ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૦ |
| પૂ. માની પ્રતીતિ—પૂ. શ્રી છે જ | નારાયણ હ. જાની | ૧૪ |
| સંચિત કર્મો | ચિદાનંદજી | ૧૭ |
| પુણ્યતિથિ નિમિત્તે સત્કર્મ | તંત્રી | ૨૪ |
| તા. ૧૮ માર્ચના કાર્યક્રમો | તંત્રી | ૨૮ |
| નેત્રચિકિત્સા યજ્ઞ | ડો. બી. જે. જાગાણી | ૩૦ |
| પૂ. માની નિત્ય નોંધ | મા સર્વેશ્વરી | ૩૯ |
| ચાહત યજ્ઞ | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૪૩ |
| Except you–none else be in my existance | Hemali | 49 |
| મારા જીવનમાં આપ સિવાય કોઇ નહિ | અનુ. નારાયણ જાની | ૫૧ |
| સમર્પિત જીવન | સ્વામી જપાનંદ | ૫૩ |
| માસિક ધર્મ અને સાધના | યોગેશ્વરજી | ૬૨ |

## સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

**કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઇ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઇ રહી છે.**

**અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.**

**એ કેન્દ્રના સર્વ ભાઇબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.**

**આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.**

**ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઇબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઇ શાહ અને વિમળાબેન શાહને.**

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.**



## ભાવાત્મક એકતાનો સંદેશ

યોગેશ્વરજી

આપણા દેશની આઝાદી પછી આપણે ત્યાં ભાવાત્મક એકતાની વાતો વધારે ને વધારે ને વધારે પ્રમાણમાં થવા માંડી છે એ આવકારદાયક છે. પ્રજા પોતાની એકતા વિશે વિચારતી ને વાતો કરતી થાય એ અત્યંત આવશ્યક છે. અલબત એ વાતો કેવળ વાતો રહેવાને બદલે જીવનવ્યવહારમાં મૂર્તિમંત બને એ ઇચ્છવા યોગ્ય છે.

ભાવાત્મક એકતાના સંદેશને ભારતના અતિતકાળના પ્રાતઃસ્મરણ્ય મહાપુરુષોએ ધાર્મિક વિધિવિધાનો સાથે સાંકળી લીધો છે. કેટલીક ધાર્મિક પ્રથાઓમાં પણ એનો પડઘો પડે છે. એ વિધિવિધાનો ને પ્રથાઓને પરંપરાગત કે રૂઢરીતે કરવાને બદલે એમનું વિવેકપૂર્વકનું અનુષ્ઠાન કરવામાં આવે તો એ સંદેશને સમજીને જીવનમાં આત્મસાત કરી શકાય. પરંતુ આપણી મોટા ભાગની ધાર્મિક પ્રથાઓ વિવેક રહિત ને મૃતપાય બની ગઇ છે.

એવી એક સુંદર પરંપરાગત પ્રથાવિશે વાત કરું.

આપણે ત્યાં લાંબા વખતથી એવી માન્યતા પ્રચલિત છે કે ગંગાના પવિત્ર પાણીને રામેશ્વર સુધી લઇ જઇને ત્યાંના સુપ્રસિદ્ધ શિવમંદિરના લિંગપર ચઢાવવામાં આવે તો માનવની મુક્તિ થાય છે. દર વર્ષે કેટલાય ભાવિક ભક્તો ગંગાજલ લઇને દક્ષિણની યાત્રા કરે છે ને રામેશ્વરના લિંગપર એને ચઢાવીને કૃતકૃત્યતાનો અનુભવ કરે છે. આજના કેટલાક સુશિક્ષિતોને એ પ્રથા હાસ્યાસ્પદ અથવા અંધવિશ્વાસના નમૂનારૂપ લાગે છે.

એમાં એમનો દોષ પણ નથી. છતાંપણ એની પાછળ જે જીવન વિકાસની ભવ્ય દ્રષ્ટિ છે એનો વિચાર કરવો આવશ્યક છે.

ગંગા હિમાલયની પ્રશાંત પર્વતમાળામાંથી પ્રગટીને આગળ વધે છે. ભાવિક ભક્તો એનું પવિત્ર પાણી લેવા માટે હિમાલયના ગંગોત્રી ધામમાં કે હરદ્વાર ઋષિકેશજેવા સ્થાનમાં જતા. કોઈ કાશીની યાત્રા કરતા. એ યાત્રાદ્વારા દેશના એક દૂરસુદૂરના પ્રદેશનો એમને પરિચય થતો. યાતાયાતના સાધનોની અછત હતી ત્યારે એ ગંગાજલ લઈને પ્રવાસીઓ પગપાળા આગળ વધતા. દેશના વિભિન્ન પ્રદેશોમાંથી પસાર થઈને એ લાંબે વખતે રામેશ્વર પહોંચતા. એ દરમિયાન જુદાંજુદાં સ્થળોમાં વસતા પ્રતાપી પરમાત્માપ્રેમી સંતપુરૂષોના દર્શનસમાગમનો એમને લાભ મળતો. એમની પાસેથી એમના અસાધારણ અનુભવવાળી જ્ઞાનવિજ્ઞાનની વાતોનું શ્રવણ કરવાનો સુ-અવસર સાંપડતો, અને એમના ઉપદેશાનુસાર ચાલવાનું બળ મળતું. યાત્રાના દિવસોમાં ઘરથી ને કુટુંબીજનોથી છૂટા પડેલા યાત્રીને એ સૌની મમતા કે આસક્તિ ઘટાડવાની કે ઓગાળી નાખવાની તક મળતી. એ વધારે ને વધારે ઈશ્વરપરાયણ બનતો. જીવનને ઉજ્જવળ, પવિત્ર ને સંયમી બનાવનારા નિયમોનું પાલન કરતો. એને લીધે એના આત્મબળની અભિવૃદ્ધિ થતી. એ ઉપરાંત દેશના વિવિધ વિભાગોને વિલોકીને એ વિચારતો કે પૃથક પૃથક પ્રદેશોમાં ભાષા જુદી છે, પહેરવેશ જુદા છે, રીતરિવાજ પણ જુદા છે, પરંતુ દિલ એક છે, સંસ્કૃતિ સરખી છે. એકસરખાં ધર્મશાસ્ત્રો ને કર્મકાંડની પરિપાટી બધેજ પ્રચલિત છે. પ્રજાની ભાવના સમાન છે. જુદીજુદી જાતના ભૌગોલિક પરિસ્થિતિવાળા પ્રદેશો ઐતિહાસિક



રીતે એક જ છે. એ અનુભવને લીધે એ સમસ્ત દેશની પ્રજાસાથે આત્મિયતાનો અનુભવ કરી શકતો ને એ પ્રજાને માટે જીવનનું સમર્પણ કરવાનો સંકલ્પ કરતો. એવીરીતે હિમાલયના પ્રવિત્ર ઉત્તરીય પ્રદેશમાંથી એ દક્ષિણમાં રામેશ્વર પહોંચતા ત્યાં સુધીમાં એની કાયાપલટ થઈ જતી. એના સ્વભાવનું રૂપાંતર ને વૃત્તિઓનું વિશુદ્ધિકરણ થતું. એટલે ગંગાનું પાણી રામેશ્વરમાં ભગવાન શંકરને ચઢાવતી વખતે એની મુક્તિ જરૂર થતી. એ મુક્તિ મોહમાંથી, સંકુચિતતામાંથી, સ્વાર્થભાવમાંથી, દોષોમાંથી ભેદભાવમાંથી અને અજ્ઞાનમાંથી થનારી મુક્તિ હતી. એ વિષે કોઈ સંદેહ નથી. ભક્તના પ્રાણમાં પરમાત્માનો પ્રેમ પરાકાષ્ઠાએ પહોચતાં એને પરમાત્માદર્શનનો પરમ લાભ પણ મળી રહેતો.

એવી રીતે વિચારીએ તો એ સુંદર પરંપરાગત પ્રથાની પાછળ રહેલી જીવનશુદ્ધિની ને રાષ્ટ્રીય ભાવાત્મક એકતાની ભાવનાનું સ્પષ્ટ દર્શન થઈ રહે છે. આજે પણ એ પ્રથાનો આધાર લઈને કેટલાય પ્રવાસીઓ કે ભાવિક ભક્તો ઉત્તરમાંથી ગંગાજલ લઈને દક્ષિણમાં જતા હશે. એ સૌ એ પ્રથાની પાછળની આ સુંદર ભાવનાને સમજે તો કેટલી બધી આશીર્વાદરૂપ બની જાય? પ્રથા કેવળ પ્રથા રહેવાને બદલે જીવનોપયોગી સુંદર સાધના થાય.

# શ્રી મધુભાઈ ભટ્ટને શ્રદ્ધાંજલિ

મુંબઈના પૂ.મા શ્રી સર્વેશ્વરીના યજમાન શ્રી મધુભાઈ હરગોવિંદભાઈ ભટ્ટનો ટુંકી માંદગીમાં ચૈત્ર વદ ચૌદસ, ૨૦૬૫ને શુક્રવાર ને તા. ૨૪-૪-૨૦૦૯ના રોજ સ્વર્ગવાસ થયો, જે ખરેખર જે અણધારી દુઃખદ ઘટના છે. આઘાત થાય એવી આ વાત છે. અવસાન સમયે તેનું વય ૬૨ વર્ષનું હતું.

શ્રી મધુભાઈના સ્વર્ગસ્થ પિતાજી શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ પ.પૂ મહાત્મા શ્રી યોગેશ્વરજીના નિષ્ઠાવાન ભક્ત. તેઓના લીધે જ તેમના પુત્રો શ્રી મધુભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી અનિલભાઈ તથા શ્રી કીર્તિભાઈ બધાને પૂ.ગુરુદેવ અને પૂ.મા સર્વેશ્વરીની સેવા અને સાન્નિધ્ય સહજ રીતે જ પ્રાપ્ત થયેલું. શ્રી મધુભાઈએ પિતાજીના દ્વારા પ્રાપ્ત થયેલ પરિચયને પૂ.મા પ્રભુની પ્રેમપૂર્વક એકધારી પચ્ચીસ વર્ષ કરતાં વધુ સમયથી મૂક એકધારી સેવા કરીને ખૂબ દીપાવ્યો. એટલે તો છેલ્લાં કેટલાય વર્ષોથી પૂ.માનું મુંબઈનું નિવાસસ્થાન જ શ્રી મધુભાઈનું ઘર બની ગયું. એમાં એમનાં પત્ની શ્રી નીલાબેન તેમ જ પુત્ર આનંદનો તેમ જ તેમના ભાઈઓનો જે પ્રેમ ભર્યો સહયોગ પ્રાપ્ત થયો છે તેનાથી તો સમગ્ર પરિવાર જાણે મા પ્રભુનો આત્મીય બની ગયો. વળી વિદેશથી આવતા—જતા પૂ.મા



પ્રભુના ભક્તો માટે પણ શ્રી મધુભાઈનું ઘર વિસામા જેવું બની રહ્યું છે.

શ્રી મધુભાઈનો જન્મ અને ઉછેર સામાન્ય પરિવારમાં થયેલો. છતાં પોતાની આવડત અને આગવી સૂઝથી બેંક ઓફ બરોડામાં તેઓ ઉચ્ચ અધિકારી પદે પહોંચ્યા. તેમની વિશેષતા એ રહી કે જેમ જેમ તેમની ભૌતિક ઉન્નતિ થતી ગઈ, તેમ તેમ પૂ.મા પ્રભુમાંની તેમની શ્રદ્ધા ને સેવા વધતાં જ ગયાં. એવું લાગે કે તેમનું ઘર જાણે પૂ.મા પ્રભુનો આશ્રમ જ ના હોય.

પૂ. શ્રીનાં પ્રવચનોની ઓડિયો કેસેટ તૈયાર કરીને ભક્તો સુધી વ્યવસ્થિત રીતે સસ્તા દરે પહોંચાડવાની જે મૂક સેવા તેઓ વર્ષો સુધી એકધારી કરતા રહ્યા, તે હંમેશ માટે યાદગાર બની રહેશે.

શ્રી મધુભાઈ હંમેશાં હસ્તા. મહેમાનો અને આવનારાઓને આવકારતા, ખૂબ શિસ્તપ્રિય, સાદા છતાં સુગડ, અહંશૂન્ય, ઓછાબોલા, અજાતશત્રુસમા સહુના પ્રિય અને આદરણીય વ્યક્તિ. તેમની ખોટ સહુને સાલવાની. એમને ત્યાં જ શ્રી યોગેશ્વર પરિવારનું ધ્યાન કેન્દ્ર વર્ષોથી ચાલે. તેમાં તેઓની નિયમિત હાજરી.

નોકરીની ફરજોમાંથી નિવૃતિ પછીનો એમનો મોટાભાગનો સમય પૂ.મા અને પ્રભુની સેવા પ્રવૃત્તિમાં ખર્ચાતો, એમ કહીએ તો ચાલે.

એમની ભૌતિક વિદાય ખૂબ વસમી અને ખોટ ના પૂરાય તેવી છે તેમના ભાઇઓના પરિવારના તો તે વડ સમા હતા, પરંતુ યોગેશ્વર પરિવારના ભાઇબહેનો માટે પણ એક સેવાભાવી ભરોસા લાયક વિશિષ્ટ વ્યક્તિ. છતાં પૂ.માએ તેમના દેહવિલય પછી જે રીતે આખા પરિવારને સાચવી, મૃત્યુ પણ સદ્‌ગતિનો મહોત્સવ બની રહે, તેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન મુંબઇમાં કરી, લૌકિક શોકપૂર્ણ રિવાજોમાંથી પરિવારને મુક્ત કર્યા. હરિદ્વારામાં પણ ભાગીરથીમાં તેઓશ્રીનાં અસ્થિઓનું વિસર્જન ને સરવણી વગેરે પૂ.માની ઉપસ્થિતિમાં થઇ તેથી એ સમર્પિત જીવને સર્વોત્તમ ગતિ પ્રાપ્ત થાય, તે માટે પૂ.મા પ્રભુએ પૂરો પુરુષાર્થ કર્યો. પૂ.મા જેવા સમર્થ અને પ્રેમી સંત સિવાય આવું કોણ વિચારે કે કરે.

ભકતો સાથેની પૂ. માની પરદેશની કે ભારતની યાત્રાઓના આયોજનમાં એમની મદદ હંમેશાં ઉપયોગી નીવડતી.

શ્રી નીલાબેન, ભાઇ આનંદ અને પરિવારના સહુ સભ્યોને પણ મા–પ્રભુ શાન્તિ આપે તે જ પ્રાર્થના.

પૂ.શ્રી અને પૂ.મા જેવાં સમર્થ સંતોની સેવા કદી વ્યર્થ ના જાય. તેમની તો સદ્‌ગતિ જ હોય.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૧ મે–૨૦૦૯ અંક ૮**


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**શનિવાર ૩૦/૧/૧૯૮૨**

**સ્થળઃ- ૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા.**

વડોદરા પૂ.શ્રી માંદગી પછી આરામ માટે ઘણું ખરું આરામ માટે પધારે છે અહીંના યજમાન શ્રીજીતુભાઇ ગાંધી એના પરિવાર સાથે પૂ.શ્રીની ખૂબ પ્રેમપૂર્વક સેવા કરે છે. પૂ.શ્રીને અહીં સર્વપ્રકારે અનુકૂળતાઓ મળી રહે છે.

સવારે પૂ.શ્રી ઉઠે છે. સ્નાન કરી લે છે. ધોવાનાં કપડાં પણ વ્યવસ્થિત રીતે ગડી વાળીને મૂકે છે. પછી ફરી ઓરડામાં આવીને દરરોજની જેમ શીર્ષાસન ને વ્યાયામ કરી લે છે, પછી બીજો બધો જ વ્યાયામ કરે છે. નિયમિત લેખનકાર્ય કરવા બેસે છે. આજકાલ પૂ.શ્રી તુલસીકૃત રામાયણનો ગુજરાતી કાવ્યાનુ-વાદ કરે છે. એમાં સમય ઘણો જ જાય છે. ઉત્તરકાંડનું લેખન

ચાલુ છે. કોઈવાર સાંજના સત્સંગમાં એ અનુવાદ સૌને ગવડાવે પણ છે.

સાડા અગિયાર સુધી લેખન કાર્ય બાદ પૂ.શ્રી ભોજન માટે પોણાબાર વાગ્યે તૈયાર નથી હોતા, કારણ વિદેશમાં પૂજ્ય શ્રી ૧ કે ૧।। વાગે ભોજન લેતા. એટલે અહીં પૂ.શ્રી પોણાબારે ભોજન લેવા બેસે, ત્યારે ખાસ ભોજન લેતા નથી. હવે તેઓ એક વાગે ભોજન લેવાનું વિચારે છે.

ભોજનમાં આજે પૂ.શ્રીએ ચોખા ને દાળના બનેલા ઢોકળાં જ લીધાં. આજકાલ શ્રી જીતુભાઈને ભોજનમાં સાથે બેસાડે છે. ભોજન બાદ મુલાકાત શરૂ થઈ. આજે એક ભાઈ પોતાના ગૃહસ્થાશ્રમની ફરિયાદનું વિગતવાર વર્ણન પૂ.શ્રી આગળ કરે છે. પૂ.શ્રી તેમને શાંતિથી સાંભળે છે. પછી ધીમેથી કહે છે. ચૈત્ર માસમાં લીમડાંનો રસ પીએ, એટલે આખું વરસ આરોગ્ય વાળું જાય. તેમ કર્કશ લીમડા જેવી કડવી વાણી પણ, મન ઉપરામ કરવાને વૈરાગ્ય વધારવા માટે જરૂરી હશે. તમારે તમારા ઘરમાંથી રોજ એવી કડવી વાણી સાંભળવી પડે, તે એક રીતે સારું છે. પ્રભુ પ્રત્યે જીવન આપણું વધુ ઝુકતું જાય. તમારા એની સાથેના વ્યક્તિગત ઋણાનુંબંધ એવા હશે. એમાં વિધાતા ને સંતો પણ ફેરવી ન શકે. હા, સંતની કૃપાથી સહન કરવાની શક્તિ મળે. અને તમારી ઈચ્છા ઘર છોડીને જવાની છે, તો એમાં તો ઘર છોડીને બહાર જવામાં મઝા નથી. ઘરમાં એક પ્રતિકૂળતા હોય તો બહાર ઘણી પ્રતિકૂળતાઓ આવે તો શું કરો? એટલે ઘરમાં રહીને સાધન ભજન કરો ને વરસમાં બે મહિના, એક મહિનો તીર્થસ્થાનમાં રહીને સાધન ભજન કરો.''

એવાં રહેવાનાં સ્થાનો પણ પૂ. શ્રી પછી તેમને સૂચવે છે.



આજે મુલાકાતમાં આજ બધી વાતો થઈ. મુલાકાત બાદ સૌ પ્રણામ કરી વિદાય થાય છે. પૂ. શ્રી થોડીવાર નારણભાઈ જાની સાથે વાતો કરે છે. વળી અમદાવાદથી નંદુભાઈ આવે છે. તેમની સાથે પણ આજે સમય થઈ ગયો છતાં થોડીવાર બેઠા છે.

સર્વેશ્વરી નંદુભાઈ અને એમનાં ધર્મપત્ની સાથે લગભગ દોઢ કલાક બેઠા ને ફોટાઓ બતાવ્યા. વિદેશની થોડી વાતો સંભળાવી. ત્યાર બાદ સર્વેશ્વરી થોડીવાર આરામ કરે છે.

આજે વડોદરા જીલ્લા સર્વોદયમંડળ તરફથી ગોસ્ના માટેની પ્રાર્થના સભા પૂ.શ્રી ના અધ્યક્ષપણા હેઠળ સરદાર ભવનમાં રાખવામાં આવી છે. જેથી સાંજે પૂ.શ્રી છ વાગે ત્યાં પ્રવચન માટે જવા નીચે ઉતરે છે. સર્વેશ્વરીને થોડું લેખનકાર્ય બાકી હોવાથી પ્રવચનમાં જતાં નથી.

પૂ.શ્રીને નીચે અમદાવાદના ભાવિક ભાઈ શ્રી બાબુભાઈ વોરા મળે છે. પૂ.શ્રીને પૂછે છે.

આપની તબિયત કેમ રહી?

પૂ.શ્રી :- તમને કેમ લાગે છે. જુઓ, તબિયત સારી છે. કે નહિ. તે સૌ પ્રથમ મોઢું બોલે, પછી વાણી બોલે પછી તબિયત સારી છે કે નહિં તે ચાલ બોલે. ચાલ બોલે પછી કામ બોલે.

સાડા પાંચ મહિના દરમ્યાન એક પણ દિવસ પ્રવચન વિના ગયો નથી એના ઉપરથી ખ્યાલ આવશે કે તબિયત કેવી રહી.

આટલી વાતચીત બાદ પૂ.શ્રી પ્રવચન માટે અબ્બાસ હોલમાં જવા નીકળે છે. સર્વેશ્વરી નોંધ કરે છે. સાડા છ વાગ્યા. પછી સર્વેશ્વરી આવનાર મુલાકાતીઓને મળે છે.

પૂ.શ્રી રાતે આઠ પછી પ્રવચનમાંથી આવે છે. પોણો કલાક પૂ.શ્રી મુલાકાતીઓ સાથે ગાળે છે. ન્યૂયોર્કની ઠંડી ને વિદેશના અવનવા અનુભવોની વાતો થાય છે.

આજે શ્રી તારાબેન(પૂ.શ્રીનાં નાનાબેન) પણ અમદાવાદથી આવ્યાં છે. તેમની સાથે પૂ.શ્રી ફરી અડધો કલાક ગાળે છે.

આજે પૂ.શ્રી પૌંઆ બટાકા ને દૂધ લે છે. પછી આરામ કરે છે.

હરિઃ ૐ.

(ક્રમશઃ)

ઇહલોકની તમારી આ યાત્રા કેવળ સ્થૂળ, ભૌતિક બાબતોમાં રાચીને મૃત્યુધર્મને પામવા માટે નથી. પ્રત્યેક જીવાત્મા તેના પોતાના શાશ્વત સ્વરૂપને પામવાના—આત્મસાક્ષાત્કાર પામવાના દિવ્ય પ્રારબ્ધ સાથે જ જન્મે છે. તમારું જીવન ઉચ્ચ મૂલ્યો માટે છે, એ શાશ્વત સંદેશને હંમેશ યાદ રાખો. —કઠોપનિષદ્

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પૂ. માની પ્રતીતિ—પૂ. શ્રી છે જ

**નારાયણ હ. જાની**

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાયને તા. ૧૮ માર્ચ—૨૦૦૯ ના રોજ ૨૫ વર્ષ પૂરાં થયાં. પૂ. શ્રીના આ નિર્વાણદિન નિમિત્તે અંબાજીના સ્વર્ગારોહણ ખાતે શ્રી યોગેશ્વર પરિવારના સાધક ભાઈબેનોને ખૂબ સારી સંખ્યામાં ઉપસ્થિત જોઈને પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પોતાનો પ્રતિભાવ આપતાં લખ્યું કે આ દિવસે કોઈ જાહેર રજા નથી. તેમ જ દસમા અને બારમા ધોરણની પરીક્ષાઓ ચાલુ છે, ત્યારે કેવળ ગુરુદેવ શ્રી યોગેશ્વરજી પ્રત્યેના શ્રદ્ધાભક્તિયુક્ત પ્રેમને લીધે આટલી વિપુલ સંખ્યામાં તમે બધા આવ્યા છો તે બતાવે છે કે તમારા બધાના હૃદયમાં હજી પૂ. ગુરુદેવ જીવંત છે. આજના અતિ ઝડપી યુગમાં માણસો પોતાના દિવંગત મા—બાપો કે આપ્તજનોને બેચાર વર્ષમાં જ ભૂલી જાય છે. ત્યારે તમે હજી પણ તમારા ગુરુદેવને હૃદયમાં સંગ્રહી રાખ્યા છે તે જોઈ અમને આનંદ થાય છે.

આ અંગે પ્રતિભાવ આપતાં પૂ. શ્રીના સહાધ્યાયી ને સેવક એવા શ્રી નારાયણભાઈ જાનીએ જણાવ્યું કે પૂ. શ્રીને સાધકોના હૃદયમાં જીવંત રાખવાનું મહત્ત્વનું કામ કોઈએ કર્યું હોય તે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી છે. એમના અનન્ય તપ અને ત્યાગનું એ પરિણામ છે. સાથે સાથે પૂ. માના નિર્વ્યાજ પ્રેમનું પણ પરિણામ ગણી શકાય.

**પૂ. શ્રી છે જ.**

પૂ. માએ પૂ. શ્રીના ભૌતિક દેહવિલય પછી અન્ન ત્યાગનો જે નિર્ણય લીધો—કહો કે જે નિર્ણય સહજ રીતે લેવાય ગયો—

તેણે પૂ. શ્રીના અનુયાયીઓને ભારે આંચકો આપ્યો. કારણ અન્ન વગર શરીર ટકે જ નહિ. એટલે પૂ. માનું શું થશે? પૂ. માનું શરીર કેટલા દિવસ ટકશે; ઉપવાસી શરીરદ્વારા તેઓ કેવી રીતે સાધના કરી શકશે? વગેરે પ્રશ્નોના કોઇ ઉત્તર ત્યારે મળતા ન હતા.

પૂ. માએ તો પોતે પોતાની જાતને પૂ. શ્રીને સમર્પિત કરી દીધેલી—પૂ. શ્રીની હયાતીમાં જ. પરંતુ હવે એ સમર્પણની કસોટી હતી. વ્યક્તિ જીવંત હોય ત્યારે શ્રદ્ધા ટકી રહે. કદીક કોઈ કારણવશ મન આઘુંપાછું થાય, તો તેનું સમાધાન હયાત પૂજ્ય વ્યક્તિ પાસેથી મેળવી લેવાય. પરંતુ હવે તો એવો કોઇ આધાર જ ન રહ્યો.

પરંતુ ભગવાનની લીલાને કોણ સમજી શકે? પૂ. શ્રીની વિદાય પછી પૂ. મા પણ શરૂમાં અસ્વસ્થ હોય એ સ્વાભાવિક છે. કિન્તુ ચોથા જ દિવસે પૂ. શ્રીએ પૂ. માને સત્યપથમાં એક અદ્ભુત દિવ્ય અનુભવ આપ્યો. સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં પૂ. માને પૂજ્યશ્રીનો જ અવાજ સંભળાયો "અમે અહીં જ છીએ." વગેરે. બસ પૂ. માને થઇ ગયું. પૂ. ગુરુદેવ પ્રભુ અમારી પાસે ને સાથે જ છે, પછી ચિન્તાનું કોઈ કારણ ખરું!

પૂ. શ્રીના આ શબ્દો "આકાશવાણી જ હતા." એ શબ્દોમાં ગજબનું સામર્થ્ય. પૂ. માએ એ દિવસે આકાશવાણી સાંભળતાં જ તેમના મનમાંથી ભવિષ્ય અંગેની બધી જ ચિન્તા ટળી ગઇ. પૂ. શ્રી સાથે જ છે તેની સૂક્ષ્મ અનુભૂતિ અનુભવતાં જ રહ્યાં કે પૂ. શ્રીની પરમશક્તિ જ તેમને જીવાડી રહી છે, તેથી તો તેઓએ ગાયું કેઃ—

"જય જય ગુરુદેવની શક્તિ,
વંદુ પુનિત પ્રભાતે,



દિવ્યશક્તિથી જીવન ચલાવે, શ્રદ્ધા ધૈર્ય સજાવે,
પ્રભુની પાવન પગદંડી પર, પગલાં પુનિત પડાવે."

પૂ. માની આત્મિક અનુભૂતિમાંથી જ આ શબ્દો અક્ષરદેહ પામ્યા.

પછી તો પૂ. મા પણ એક પછી એક સાધનાત્મક ક્ષેત્રે નવા નવા નિયમો લઇ, જાણે પૂ. શ્રીની કસોટીરૂપ પાણી વગરના ઉપવાસો, મીઠા અને ખાંડનો ત્યાગ, અરે, વાણીનો પરિત્યાગ કરી મૌનવ્રતોનું ધારણ કરવું, પાલન કરવું પૂ. મા માટે જાણે પૂ. શ્રીએ સહજ બનાવી દીધું. અને આ બધું એક, બે કે પાંચ વર્ષ માટે નહિ, પૂરા ૨૫ વર્ષ સુધી એકધારું કશાય સ્ખલન વગર થતું જ રહ્યું. હજીય ચાલે છે. એક આખો સાધનાનો ઈતિહાસ રચાઈ ગયો.

પૂ. માનું આ તપ કોઇ ગુફામાં કે એકાંત વનપ્રદેશમાં નથી. સાધકોની વચ્ચે વસીને થયું છે ને હજી થતું રહે છે. એનો સીધો લાભ જોનાર સાધકોને એ થયો કે પૂ. શ્રી છે જ, એની પૂરી પ્રતીતિ પૂ. માને જોતાં જ થવા લાગી છે જો તેઓ ના હોય, તો પૂ. મા આટલાં વર્ષો સુધી જીવ્યાં જ શી રીતે? આ ઉઘાડી આંખોના સત્યે—સાધકોના હૃદયમાં પૂ. શ્રી ભલે ભૌતિક રીતે વિદાય થયા, પણ સૂક્ષ્મ સ્વરૂપે—પૂ. માના જીવનમાં પ્રત્યક્ષ દેખાય છે. તો પછી તેઓ ક્યાંય ગયા નથી, પૂ. માની એ વાત—એમના એ ભરોસા અંગે શંકા કરવાનું કોઇ કારણ નથી. ૨૫ વર્ષના એકધારા ઉપવાસ—અરે, એમાં ૩૦૦૦ કરતાં વધારે તો પાણી પણ વગરના! શાના બળે પૂ. મા આ તપી શક્યાં? ટકી શક્યાં? કોઇ દૈવી શક્તિની સહાય વગર આ શક્ય જ નથી. એટલું તો નાસ્તિક વ્યક્તિ પણ સમજી શકે, ખરું ને!

# સંચિત કર્મો

ચિદાનંદજી

[મનુષ્યજીવનમાં કર્મનું મહત્ત્વ જ ખૂબ અગત્યનું છે, કારણ આ કર્મો જ માણસને બાંધવાનું કે મુક્ત કરવાનું કામ કરે છે. એટલે વિચારશીલ સાધકે તેમના વિષે જાણકારી મેળવી, જીવનને મુક્તિના માર્ગે શી રીતે આગળ જવાય તે દિશામાં પ્રવૃત્તિ કરવી જોઇએ.

કર્મો ત્રણ પ્રકારનાં છે—ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ. ક્રિયમાણ કર્મ એ છે, જે કર્મનું ફળ—કર્મ કર્યા પછી તુરત જ મળી જાય, કર્મ અને ફળનો હિસાબ ચુકતે થઇ જાય. મજૂરીએ ચઢ્યા ને સાંજે રોજીના પૈસા મળી ગયા. રસોઇ કરી અને જમી લીધું. પ્રયોજન પૂરું થઇ ગયું.

આ બીજા પ્રકારનું કર્મ—સંચિત ખૂબ જ મહત્ત્વનું છે. તેના વિષેની સમજ—સ્વામી શ્રી ચિદાનંદજીએ તેઓના આ લેખમાં સરળ રીતે સમજાવી છે. સંચિતનો અર્થ છે ભેગુ કરવું. જે કર્મ કરીએ ને તેનું ફળ તરત કે સમય જતાં ન મળે, પણ ભેગું થાય. તે સંચિતના ખાતામાં જમા થાય. એનાં ઉદાહરણ જોઇએ.

વિદ્યાર્થીએ એક વર્ષ કે ચાર વર્ષ અભ્યાસ કર્યો, ને પછી પાસ થયો. ડીગ્રી મળી ફળ પૂરું થયું. ભણવાનો હેતુ સિદ્ધ થઇ ગયો. કોઇએ ચોરી કરી, પકડાઇ ગયો, જેલ થઇ. ફળ મળી ગયું. પરંતુ ચોરી કરી, પકડાયો નહિ. વીસ વર્ષ પછી પકડાયો, તો ચોરીનું કર્મ ૨૦ વર્ષપર્યંત સંચિતમાં રહ્યું. પછી ફળ્યું અને સજા થતાં પૂરું થયું. પરંતુ ધારો કે ચોરે ચોરી કરી, પણ આ જન્મમાં પકડાયો જ નહિ, તો તેનું ચોરીનું કર્મ સંચિતમાં જમા



રહ્યું. આવાં અનેક જન્મોનાં સંચિત કર્મોમાંથી કર્માશય બને. આ કર્માશયમાંથી જે જે કર્મો—ફળ આપવા માટે તૈયાર થયાં હોય, તેમાંથી પ્રારબ્ધ બને. આ પ્રારબ્ધ પ્રમાણે—તેનો જન્મ વગેરે થાય.

પૂ. પતંજલિ ઋષિએ યોગદર્શનમાં કહ્યું છે કે **''तस्मिन् सति जाति आयु भोगाः।''** આ કર્માશયમાંથી પાકેલાં કર્મોથી બનેલ પ્રારબ્ધ પ્રમાણે માણસને જન્મ, આયુષ્ય અને ભોગ પ્રાપ્ત થાય. એટલે તમારો જન્મ કોને ત્યાં થશે, કેવા મા—બાપ પરિવાર મળશે આ બધું પ્રારબ્ધાધીન.

કયા કર્મનું ફળ કેવું મળશે—તેનો નિર્ણય ભગવાનના નિયમો પ્રમાણે થાય. વળી માણસ જે જે કરે તે બધી ક્રિયાઓ જ કહેવાય. પરંતુ કયી ક્રિયા કર્મ બને તેની વાત વિગતે હવે પછી કરીશું, હાલ સ્વામી શ્રીચિદાનંદજીનો લેખ સમજવાની સુગમતા રહે એટલે થોડા વિસ્તારથી વાત કરી. **— તંત્રી**]

હવે સંચિત કર્મ વિષે વિચાર કરીએ. તે તો કર્મનો અખૂટ ઢગલો છે. અનાદિ કાળથી તે એકઠાં થતાં આવે છે અને તેમાંથી ભોગવાતાં પણ જાય છે છતાં હજુ ખૂટ્યાં નથી, એટલે ભોગવતાં ભોગવતાં તો તે ખૂટે એમ જ નથી.

હવે અહિં કેટલાક વિવેકી સજ્જનો પૂછે છે કે જો કર્મના ફળ ભોગવવા માટે જ જીવને શરીર ધારણ કરવું પડતું હોય, તો સૃષ્ટિની શરૂઆતમાં કર્મ આવ્યાં ક્યાંથી? પહેલાં શરીર થયું કે કર્મ? તો પહેલાં શરીર થયું તેમ કહો તો કર્મના ભોગ સિવાય શરીર થાય જ નહિ અને જો કર્મ થયાં તેમ કહો તો તે કર્મ ક્યારે અને કોણે કર્યા હોય?

આનો પ્રત્યુત્તર ટૂંકમાં એટલો જ છે કે આપણાં શાસ્ત્રો

સૃષ્ટિને અનાદિ માને છે. એટલે "અનાદિની શરૂઆત કેમ થઈ?" એવો પ્રશ્ન જ ઘટતો નથી. છતાં પણ શાસ્ત્રોએ આ પ્રશ્નનું સમાધાન અનેક રીતે કર્યું છે. શ્રી યોગવાસિષ્ઠ આ વિષય આમ સમજાવે છે.

"સૃષ્ટિના આરંભ કાળમાં બ્રહ્મ જ સૃષ્ટિરૂપ થઈ જાય છે. જેમ બ્રહ્માદિક કે જે બ્રહ્મરૂપ જ છે, તેઓ સૃષ્ટિના આદિકાળમાં પ્રકટ થઈ જાય છે, તેમ જ બીજા જીવો કે જેઓ બ્રહ્મરૂપ છે તેઓ પણ હજારો અને લાખોની સંખ્યામાં પ્રકટ થઈ જાય છે. જેઓ અજ્ઞાનનાં આવરણને લીધે, પોતાના બ્રહ્મભાવને ભૂલી જઈ, પોતાને બ્રહ્મથી જુદા સમજે છે, તેઓ રજોગુણ અને તમોગુણવડે મિશ્ર એવા સત્ત્વગુણના પરિણામથી થનારા જીવભાવને સ્વીકારી લઈ, આ જગતની વાસનાઓના સંસ્કારોવાળા થઈ પ્રથમ મરી જાય છે. પછી તેઓનો જન્મ પ્રારબ્ધ કર્મના ભોગ ભોગવવા માટે થાય છે. કેમકે પોતે બ્રહ્મરૂપ હોવા છતાં, તે વાત ભૂલી જઈ જડ દેહાદિકમાં, આત્મ બુદ્ધિ કરી જન્મ મરણનાં ચક્રમાં ફર્યા કરે છે. કાળે કરીને જ્યારે પોતે જ પોતાનાં મૂળ સ્વરૂપને ઓળખે છે—પોતે બ્રહ્મરૂપ કે પરમાત્મારૂપ છે એમ નિશ્ચય કરે છે, ત્યારે તેનાં જન્મમરણ બંધ થાય છે. આ સ્થિતિને મોક્ષ કે મુક્તિ કહે છે." (ૐ યો. વા. નિ. ઉ. સર્ગ ૧૪૨)

કર્મ સંબંધી અહિં એક વાત સમજી લઈએ. નવીન કર્મ કેવળ મનુષ્ય શરીરથી જ બને છે; બીજાં બધાંએ શરીર તો કેવળ ભોગ ભોગવવા પૂરતાં જ છે. દેવ શરીર પણ ભોગ ભોગવવા માટે જ મળે છે, અને ભોગ સમાપ્ત થયે તેને છોડી પાછો મર્ત્યલોકમાં જન્મ લેવો પડે છે. એટલે મનુષ્ય શરીર જ એક એવું છે કે જેનાથી નવીન કર્મ થઈ શકે છે અને તેથી તે શરીરનું



બહું મોટું મહત્ત્વ છે, કારણ મનુષ્ય શરીરથી જ નર નારાયણ થઈ શકે છે.

બીજું કયાં કર્મ સંચિતમાં અકઠાં થાય છે અને કયાં નહિ તે પણ સમજી લઈએ.

જે કર્મ કરવા સમયે હું આ કર્મ કરું છું એવો અહંકાર હોય, અને વળી જે કર્મ ફળની આશાએ કરવામાં આવ્યાં હોય, તેવાં જ કર્મ સંચિતમાં એકઠાં થાય છે કારણ તે ભવિષ્યમાં ફળ આપવાનાં છે. એટલે જ્ઞાની દ્વારા તેમ જ અણસમજુ બાળક દ્વારા થતાં કર્મ સંચિતમાં એકઠાં થતાં નથી; કારણ તે વખતે કર્તાપણાનો અહંકાર પણ હોતો નથી તેમ જ ફળની આશા પણ હોતી નથી.[1]

---

૧. કર્મનું રહસ્ય સંન્યાસ ગીતામાં આમ સમજાવ્યું છે : પહેલાં તો જેમ શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં "**गहना कर्मणो गतिः ।**" કહ્યું છે, તેમ કહે છે કે કર્મનું રહસ્ય એવું તો ગૂઢ છે કે તેનું સમગ્ર સ્વરૂપ સમજવું કે સમજાવવું તે માનવ બુદ્ધિની પર છે.

સામાન્ય રીતે સમજવા માટે કર્મના ત્રણ પ્રકાર કહેલા છે : (૧) સહજ કર્મ : સમષ્ટિ સત્તાથી સંચાલિત કર્મ કે જે સહજ સ્વભાવે કે પ્રકૃતિ પ્રેરિત થયા કરે. અહિં જીવન સામગ્રીમાં કેવળ પ્રારબ્ધના ભોગ જ હોય છે એટલે તેમાં કર્તૃત્વ અભિમાન કે ફળાશા હોતાં નથી, અને તેથી તેવાં કર્મ જીવને બંધનકારક થતાં નથી. ૮૪ લાખ યોનિયોમાંથી, ૮૩,૯૯,૯૯૯ યોનિઓ સહજ કર્મની જ અધિકારી છે. (૨) જૈવ કર્મ : જીવભાવથી થતાં કર્મ. અહિં દેહાધ્યાસ છે એટલે કર્તાપણાનું અભિમાન છે, તેમજ ફળાશા પણ છે. હું શરીર છું એવા અભિમાનપૂર્વક, શરીરને સુખ પહોંચાડવા માટે, જે કર્મો થાય તે બધાં "જૈવ કર્મ" કહેવાય. આવા કર્મ જીવને બંધનનું કારણ બને છે, અને તેને લઈને જ મનુષ્યને જન્મ-જન્માન્તર ભોગવવાં પડે છે તેમજ લોક લોકાન્તરમાં ફર્યા કરવું પડે છે.

સરખાવો : **करोति दुःखेन हि कर्मतंत्र ।**
**शरीर भोगार्थमहर्निशं नरः ॥ अ. रा.**

આપણે જોયું કે સંચિત કર્મ તો એક અખૂટ ભંડાર છે, અને ભોગવવાથી તો તે ખૂટે એમ જ નથી. વળી કર્મનો એવો નિયમ છે કે સેંકડો કે કરોડો કલ્પ વીતી જાય તો પણ ભોગવ્યા સિવાય કર્મનો નાશ થતો નથી. ''**नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि**'' સંચિતનો ભોગવ્યે પાર આવે એમ નથી, અને ભોગવટા સિવાય કર્મનો નાશ થતો નથી, તો પછી જીવની મુક્તિનો કોઈ ઉપાય જ રહેતો નથી. અનાદિ કાળથી જન્મ-મરણરૂપ સંસાર ચાલ્યો આવે છે તેનું કારણ આ જ છે.

આનો ઉપાય ભગવાને ગીતામાં સ્પષ્ટ બતાવ્યો છે તે જોઈએ :

**यथैधांसि समिद्धोग्निर्, भस्मसात् कुरुतेऽर्जुन ।**
**ज्ञानाग्निः सर्वकर्माणि, भस्मसात् कुरुते तथा ॥** (૪–૩૭)

ભગવાન કહે છે કે જેમ લૌકિક અગ્નિ, કાષ્ટમાત્રને બાળી નાખે છે. જાડાં, પાતળાં, લીલાં, સૂકાં, ઈમારતી કે બળતણ વગેરેનો વિચાર જેમ અગ્નિ કરતો નથી, તેવી જ રીતે જ્ઞાન-રૂપી અગ્નિ સંચિત કર્મમાત્રને બાળી નાખે છે, શુભ, અશુભ કે મિશ્ર બધાંને નિ:શેષ બાળી નાખે છે. આમ થતાં જીવને બીજું શરીર ધારણ કરવાનું કારણ જ રહેતું નથી. પ્રારબ્ધ તો ભોગવટે આપોઆપ નાશ પામી જાય છે. તેમાં તો કંઈ કરવાપણું રહેતું જ નથી. ક્રિયમાણ જ્ઞાનીને ફળ આપતાં નથી, કારણ જ્ઞાનીનાં કર્મ, ફળ—આશા રહિત જ થયા કરે છે, ને સંચિત તો આપણે જોયું તેમ જ્ઞાન થવાથી બળી જાય છે. આવી રીતે જ્ઞાની મુક્ત થઈ જાય છે. તેને બીજું શરીર ધારણ કરવું પડતું નથી.

(૩) ''ઐશ કર્મ'' : ઈશ્વર ઈચ્છાથી વિરાટ કેન્દ્ર દ્વારા થતાં કર્મ, જીવન્મુક્ત પુરુષો દ્વારા થતાં કર્મ આ કોટિમાં છે. જીવન્મુક્તનું શરીર ટકી રહેવા માટે પ્રારબ્ધભોગ સિવાય બીજી કોઈ સામગ્રી નથી. તેથી જીવન્મુક્ત કર્મ કરતાં છતાં અકર્તા છે, અને ભોક્તા છતાં અભોક્તા છે. એટલે આવાં કર્મ પણ બંધનકારક હોતાં નથી.

સરખાવો : **देहस्तु भिन्नः पुरुषा समीक्ष्यते ।**
**को वात्र भोगः पुरुषेण भुज्यते ॥ अ. रा.**



શ્રુતીએ પણ ''**ऋते ज्ञानान्नमुक्तिः**'' કહ્યું છે. તે આ જ આશયથી કે જ્ઞાન દ્વારા સંચિત કર્મનો નાશ કરવા સિવાય મુક્તિ માટે બીજો કોઈ ઉપાય જ નથી.

આ નાના નિબંધમાં આપણે જોયું કે:—(૧) જે જે સુખ દુ:ખના ભોગ ભોગવવા આ શરીર ઉત્પન્ન થયું છે તે તે ભોગ ભોગવવા વગર ચાલે તેમ નથી. માટે શાંતિથી યથાપ્રાપ્ત ભોગ ભોગવી લેવા, એમાં જ ડહાપણ છે.

(૨) વર્તમાન જીવનમાં કર્મ કરવામાં માણસ સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. કોઈપણ એવી શક્તિ નથી કે જે તેનો માર્ગ રોકી શકે, એટલે પોતાની ઈચ્છા મુજબ માણસ પોતાનું ભાવિ ઘડી શકે છે.

(૩) સંચિત કર્મનો ઢગલો ભોગવટાથી તો ખૂટે એમ નથી જ. માટે જન્મમરણનાં બંધનમાંથી છૂટવું હોય તો જ્ઞાન—તત્ત્વ-જ્ઞાન કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી સંચિત કર્મને બાળી નાખવાં જોઈએ. આ બાબત સાક્ષી આપતાં શ્રુતિ ભગવતી કહે છે:—

**अहं ब्रह्मेति विज्ञानात् कल्पकोटिशतार्जितम् ।**
**संचितं विलयं याति प्रबोधात् स्वप्नकर्मवत् ॥**

હું આત્મા છું કે હું બ્રહ્મ છું એવું યથાર્થ જ્ઞાન થતાં, કરોડો કલ્પનાં ભેળાં થયેલાં સંચિત કર્મ નાશ પામે છે. નિદ્રામાંથી જાગતાં જેમ સ્વપ્નનાં કર્મ ક્ષણવારમાં નાશ પામે છે તેમ.

આમ પ્રત્યેક દેહધારી કર્મનાં પ્રવાહમાં પડ્યો છે. પ્રવાહ વર્તુળ આકારે છે. એટલે તેનો કોઈ દિવસ અંત આવતો નથી.

નદી તો સમુદ્રને મળે ત્યાં તેનો અંત આવી જાય. પણ વર્તુળમાં વહેતા પ્રવાહનો અંત આવે જ નહિ. વૃક્ષ બીજની પેઠે કર્મ-માંથી શરીર અને શરીરથી પાછાં કર્મ એમ અનાદિકાળથી ચાલ્યું આવે છે. તો પછી સમજુ માણસે શું કરવું જોઇએ?

આનો જવાબ ભગવાને ગીતામાં આમ આપ્યો છે :

**यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।**
**ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥** (૪–૧૯)

જેનાં સમગ્ર કર્મ કામનાઓથી અને સંકલ્પોથી રહિત હોય, તથા જેનાં સંચિત કર્મ જ્ઞાનરૂપી અગ્નિથી બળી ગયાં હોય તેને વિદ્વાનો પંડિત કહે છે.

તાત્પર્ય એમ છે કે તે જ માણસ ડાહ્યો કે ચતુર છે કે જેણે જ્ઞાનરૂપી અગ્નિથી પોતાનાં સમગ્ર સંચિત કર્મ બાળી નાખ્યાં છે, અને જીવનકાળમાં જે કર્મ કરે છે તે ફલાશા સિવાય તેમજ અહંકાર સિવાય કરે છે તેથી તે કર્મ ભૂંજેલા બીની પેઠે ભાવિ અંકુર (ફળ) ઉત્પન્ન કરી શકતાં નથી. પરિણામે તે જન્મ-મૃત્યુરૂપી ભવબંધનમાંથી મુક્ત થઇ જાય છે. મનુષ્ય શરીરની સાર્થકતા આ જ છે.

આ આખાયે નિબંધનો સાર વ્યાસજીની પેઠે કેવળ અર્ધા જ શ્લોકમાં આપવો હોય તો આમ અપાય :

**श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तमिह विस्तरैः ।**
**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ॥**

વર્તમાન કાળમાં કર્મ કરવામાં માણસ સંપૂર્ણ સ્વતંત્ર છે. પરંતુ કરેલાં કર્મનાં ફળ ભોગવ્યા સિવાય છૂટકો નથી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



# પુણ્યતિથિ નિમિત્તે સત્કર્મ

**તંત્રી**

૧. પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીની પચ્ચીસમાં પુણ્યતિથિ નિમિત્તે તા. ૧૮, ૧૯, ૨૦ માર્ચ–૨૦૦૯ ના રોજ સત્કર્મો અને સાધનાના કાર્યક્રમો સ્વર્ગારોહણ ખાતે પૂ. મા શ્રી સર્વેશ્વરીની સંનિધિમાં યોજાયા.

આ કાર્યક્રમોના એક ભાગ તરીકે તા. ૧૮ ના રોજ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી બુંદી અને ગાંઠિયાનોપ્રસાદ અંબાજીથી ૩૦–૩૫ કિ. મી. દૂર આવેલ આદિવાસી ગ્રામપ્રદેશના ૨૭૦૦ કરતાં વધારે વ્યક્તિઓને તેમના ગામે જઇ વહેંચવામાં આવ્યો. પૂ. મા પણ આ સત્કર્મમાં જોડાયાં ને પોતાના હાથે જ સાધકો સાથે મળી આ પ્રસાદની વહેંચણી કરી, આ જીવોને કૃતકૃત્ય કર્યાં. આ ગામોમાં રાણપુર (બંગલા), પાડાપાડ, કોશીયા, કેસરપુરા, દંત્રાલ વગેરેનો સમાવેશ થાય છે.

૨. વહેલી સવારે અંબાજીમાં લાકડાના ભારા લઇને આવતા ભાઇઓ, બેનો ને બાળકોને પૂ. માએ પ્રસાદ વહેંચ્યો. આજના પ્રસાદમાં સ્ટીલનો મોટો વાટકો, બીસ્કીટ, ચવાણુ ને વેફરનો સમાવેશ થતો હતો. દોઢસો ઉપરાંત વ્યક્તિઓ આ પ્રસાદ પામી.

૩. અંબાજી ગુજરાતનું એક અગ્રગણ્ય તીર્થ છે. શ્રદ્ધા-ભક્તિથી પ્રેરિત ભક્તો આખા ભારતમાંથી અહીં આવે છે. તેથી તે આર્થિક રીતે પણ સમૃદ્ધ છે. છતાં વિષમતા એ છે કે એની આસપાસ વસતી આદિવાસી પ્રજા સાવ ગરીબ અને અભણ છે.

તેઓ કદી આ મહાશક્તિનો પ્રસાદ પામતા નથી, ભાગ્યે જ તેઓ મંદિરે જાય છે, કારણ કે તેઓનો સમગ્ર પુરુષાર્થ તેમના

અસ્તિત્વને ટકાવી રાખવામાં જ ખર્ચાય જતો હોય છે.

અંબાજીમાં પણ ઘણાં બધાં ટ્રસ્ટો કાર્યરત છે. પરંતુ તેઓ યાત્રાળુઓને સુવિધા પૂરી પાડવા સિવાય બીજી કોઈ લોકહિતની પ્રવૃત્તિ ભાગ્યે જ કરે છે.

એ રીતે સ્વર્ગારોહણ ખૂબ આગવું તરી આવે તેવું તીર્થ છે,કારણ કે અહીં એક સ્ત્રીસંત વિરાજે છે. જે લોકોની સમસ્યા વિષે ખૂબ સભાન છે. ગરીબો માટે તેના દિલમાં ખૂબ અનુકંપા ને કરુણા છે. તેમના જીવનની પ્રાથમિક સમસ્યા ઉદરપોષણ ને બાળકોને ભણાવવાની છે. તેમ જ નાની મોટી બિમારીઓમાંથી રાહત મેળવવાની છે. તો અહીંનું ટ્રસ્ટ પૂ. માની દોરવણી નીચે આ બધી જ પ્રવૃત્તિઓ કરે છે.

ભારતના કે વિદેશના જે ભક્તો અહીં આવે છે, તેઓમાં જે આર્થિક રીતે સુખી છે. તેમને પૂ. મા કહે છે, તમારા ધનનો થોડો ભાગ અહીં આપો–જેનાથી આજુબાજુ વસતા અભાવગ્રસ્ત એવાં અપંગ ને વિધવાબેનોને અનાજ અને વસ્ત્રોની સહાય કરી શકાય.

એ રીતે તા. ૧૯ ના રોજ અનાજ વિતરણ વગેરેના બે સત્કર્મો પ્રયોજાયાં તેનો લાભ ૧૧૭% કરતાં વધુ વૃદ્ધ, અપંગ કે વિધવા બેનોને મળ્યો.

તેમાં આર્થિક સહયોગ સાંપડ્યો. પરદેશનાં શ્રી શારદાબેન અને શ્રી રામભાઈ તે ઉપરાંત શ્રી માલતીબેન અને શ્રી શ્યામરાવ એકબોટેનો. એના લીધે ૨૦ કી. અનાજ, ૫ કીલો મગ, શેત્રંજી ટુવાલ, એક કથરોટ, ચીકી વગેરે પ્રસાદ ઉપરાંત રૂા. ૧૦૦/– દરેક લાભાર્થીને આપવામાં આવ્યા.

આ સત્કર્મ દાતાઓએ પોતે જાતે ઉપસ્થિત રહી તેમ જ લાભાર્થીઓને વંદન કરી કર્યું. પૂ. માએ કેવું સરસ શિક્ષણ ધર્યું.



તા. ૨૦ માર્ચના રોજના અનાજ વિતરણના સેવાયજ્ઞ શ્રી જ્યોતિબેન ભગત, શ્રી મહાલતાબેન અને શ્રી અતુલભાઈ કોન્ટ્રેક્ટરના પરિવાર તરફથી હતો. તેના લાભાર્થીઓ પણ સો ઉપરાંત હતા. શ્રી મંગળાબેન પબારીના પરિવાર તરફથી પણ બીસ્કીટ, વેફર, તાંબાની બેઠકવાળું તાંસળું શેત્રંજી ને ચોરસો. તો ચીકી શ્રી કુસુમબેન તરફથી.

## સાધકોને પણ પ્રસાદ

તા. ૨૦ ના રોજની બપોરની બેઠકમાં પૂ. માની વિશેષકૃપા ઉતરી. સાધકોને શ્રી મહાલતાબેન કોન્ટ્રેક્ટર તરફથી ચોકલેટ, શ્રી મંગળાબેન પબારી તરફથી પણ ક્રીમ બીસ્કીટ અને શ્રીમતી હસુબેન વિઠ્ઠલભાઈ ગોહિલ તરફથી મગજના લાડુનો પ્રસાદ મળ્યો. પૂ. માએ વિનોદ સાથે કરાવેલ આ વિતરણને સાધકોએ આનંદથી માણ્યું.

## પૈસા પાછા આપ્યા

અમેરિકા સ્થિત શ્રી શારદાબેન અને શ્રી રામભાઈ પૂ. મામાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે છે. તેઓએ પૂ. માને સત્કર્મો માટે મોટી રકમ આપેલી. તે રકમમાંથી જરૂરી સત્કર્મો પૂરાં થઈ જતાં, વધેલી રૂા. એક લાખની રકમ પૂ. માએ શ્રી શારદાબેનને પાછી આપી. શ્રી શારદાબેનની ઈચ્છા હતી કે પૂ. મા તે રકમ રાખે ને કોઈ સત્કર્મમાં વાપરે.

આ દશ્ય જોતાં જ અમારી પાસે બેઠેલા એક સાધક બોલી ઊઠ્યા. "હે મા, આવું તો હું પહેલીવાર જ જોઉં છું. અરે, દાનમાં આપેલી રકમમાંથી હેતુ પૂરો થતાં, કોઈ સંતે કે સંસ્થાએ રકમ પાછી આપી હોય તેવું મેં અગાઉ જોયું નથી; સાંભળ્યું નથી."

પૂ. માનો પ્રતિભાવ કંઈક આવો કહી શકાય. ‘‘પ્રભુ કોઈ સત્કર્મ કરવાનું સૂઝાડે તો તેની આર્થિક વ્યવસ્થા પણ એ જ કરતા રહે છે. એટલે જે હેતુ કે સત્કર્મ માટે જે રકમ સાંપડી હોય, તેમાં જ તે વપરાય. જો બીજે વાપરવી હોય તો દાતાની સંમતિ લેવી જોઈએ, એવું અમે માનીએ. કિન્તુ હાલ એવા કોઈ સત્કર્મનું આયોજન નથી, પછી તે રકમ શું કામ રાખવી?

ભગવાનની પ્રેરણા પ્રમાણે કામ કરતા સાધકોએ વધુ પડતી સંપત્તિ એકઠી ના કરવી, કારણ કે આવી એકઠી કરેલી સંપત્તિ પાછળથી ઘણા બધા અનિષ્ઠોનું કારણ બની જાય છે.

વળી પૂ. માએ એકવાર કહેલું કે પ્રયોજન વગર સંપત્તિ એકઠી કરવાનો અર્થ અમને એવો લાગે કે જરૂરત ઊભી થશે ત્યારે પ્રભુ પૈસાનો પ્રબંધ કરી દેશે કે કેમ?—આમ વિચારવું એ પ્રભુની કૃપા કે કરુણામાં અશ્રદ્ધા કરવા જેવું નથી શું?

નિ:સ્પૃહી સંતો જ આવું વિચારી શકે.

### બ્રાહ્મણોનું પૂજન અને સન્માન

સ્વર્ગારોહણના નવા મકાનનું કામ પૂરું થતાં પૂ. માએ આ મકાનના ઓરડાઓમાં બ્રાહ્મણો પાસે મંત્રજાપ વગેરે સારા પ્રમાણમાં કરાવ્યું. આ કાર્ય કરનાર બ્રાહ્મણોનું સાલ ઓઢાડી. દક્ષિણા ઉપરાંત વસ્ત્રોની થેલી, સ્ટીલનો વાટકો, પૂ. માના ભજનની સીડી તેમ જ બીજો પ્રસાદ પણ શ્રી રામભાઈ—શારદાબેન પાસે અપાવ્યો.

શ્રી અતુલભાઈ, શ્રી મહાલતાબેન શ્રી રામભાઈ ને શારદા-બેન તેમ જ શ્રી મંગળાબેન તથા તેમની પુત્રવધૂ તેમ જ બાળકોને પૂ. માએ શ્રી યોગેશ્વર રક્ષમામ્‌ની શાલ ઓઢાડી રક્ષા કવચ ધર્યું. સૌએ પૂ. માનો ભાવપૂર્વક આભાર માન્યો.



# તા.૧૮ માર્ચના કાર્યક્રમો

**[ શ્રી વિનુભાઈ અમીનની નોંધના આધારે ]** **તંત્રી**

### જીવન ચરિત્રનું લેખન

ડો. તરલાબેન દેસાઈની તા.૧૮/૩ના દિવસે ખાસ ઉપસ્થિતિને અનુલક્ષી તેઓને પૂ.માએ બોલવાનું સૂચવતાં તેઓએ કહ્યું કે મને પૂ.શ્રીનો પરિચય તેઓશ્રીએ પૂ.શ્રી રમણમહર્ષિ ઉપર લખેલ પુસ્તકથી થયેલો.

ગઈ શિવરાત્રીના દિવસે પૂ.શ્રીના જીવન વિષે લખવાની ઈચ્છા થઈ. એટલે આ આત્મચરિતમાંથી જીવન ચરિત્ર લખવાનો પ્રયત્ન છે. માનું છું કે આ પ્રેરણા પણ પૂ.માની ઈચ્છાનું જ પરિણામ છે. એટલે તેઓ જ આ કાર્ય પૂરૂં કરાવશે. બાકી પૂ.માનો પારાવાર પ્રેમ પામ્યા પછી હવે સાચું પૂછો તો સાધના કરવાની પણ ઈચ્છા થતી નથી. જાણે પૂ.માના પ્રેમમાં બધું જ સમાઈ ગયું છે.

પૂ.મા લખે છે, હાશ હવે તરલાબેનની કલમે પૂ.શ્રી અવતરશે.

### D.V.D. વિભાગ—૨

આ વિભાગ—૨ના ઉદ્‌ઘાટન અંગે વિગત આપતાં શ્રી જગુભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે ગયા વર્ષે ૧ થી ૬ ભાગ પ્રસિદ્ધ થઈ ગયા. આ વર્ષે ૭ થી ૧૧(Y) પ્રસિદ્ધ થઈ રહ્યા છે. તેમાં ૧૧માં ભાગમાં પૂ.શ્રીને હરતા ફરતા જોઈ શકાશે. આ સિવાય આપણી પાસે પૂ.શ્રીને જીવંતની જેમ હરતા ફરતા જોઈ શકીએ એવી એક પણ કેસેટ નથી.

આ D.V.D. સેટ તૈયાર કરવામાં કેનેડાના મારા ભાણેજ સાધક શ્રી અનિલભાઇ લાડ, તેમજ પૂ.માનો ફાળો નાનો સૂનો નથી.

આ D.V.D.ના વેચાણમાં રૂ.૧૦૦ની રાહત શ્રી ધીરૂભાઇ દેસાઇ, તેમજ રૂ.૫૦ શ્રી રાજુભાઇ જાની તરફથી થઇ. આથી સાધકોને તે માત્ર રૂ. ૨૦૦માં ઉપલબ્ધ બની.

### અર્ઘ્યનાં ગીતોની C.D. અને પ્રેરક પ્રાર્થનાનું વિમોચન

આ ઉપરાંત પૂ.મા શ્રી સર્વેશ્વરીના અર્ઘ્યમાં પ્રકાશિત થયેલ ભજનોની C.D. પણ ભેટમાં આપવામાં આવી. આ ભજનો જાણીતા ગાયક શ્રી આસિત દેસાઇ અને હેમા દેસાઇએ ગાયેલા છે ને તેનો બધો જ ખર્ચ શ્રી નયનાબેન ને જગદીપભાઇના પરિવારે ઊઠાવ્યો છે. શ્રી નયનાબેનના જન્મદિનની સાધકોને આ ભેટ છે.

આ સીડીમાં પૂ. માનાં ૧૦ પદો સ્વરબદ્ધ થયેલ છે. તો વળી શ્રી મોહનલાલ અને સુશીલાબેન ભક્તના પરિવારના સ્નેહી શ્રી બચુભાઇ પાઠકે પ્રેરક પ્રાર્થનાની નવી આવૃત્તિ શ્રી મોહનલાલ-ભાઇની સ્મૃતિમાં આજે બહાર પાડી. તે પુસ્તક પણ આ D.V.D. ખરીદનારને ભેટમાં આપવામાં આવી રહ્યું છે. તેમાં કુલ ૧૯ પ્રાર્થનાઓ અને પદોનો સમાવેશ છે. શ્રી બચુભાઇનું વર્ષોનું આવા પુસ્તક પ્રકાશનનું સ્વપ્ન સાકાર કરવામાં તેમના પુત્ર ડૉ. હેમાંશુ પાઠકનો સહયોગ પ્રાપ્ત થયો છે. આ પરિવાર સાથે ૫. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો સંબંધ તેમના અભ્યાસકાળથી છે, જે આજ સુધી અખંડિત રહ્યો છે. આજના યુગમાં આવી શ્રી મોહનલાલ અને શ્રી બચુભાઇ જેવી મૈત્રી બહુ ઓછી જોવા મળે.



### સ્વર્ગારોહણમાં નેત્ર નિદાન

## નેત્રચિકિત્સા યજ્ઞ

ડો. બી. જે. જાગાણી

તા.૧૩.૨.૨૦૦૯ થી તા.૧૫.૨૦૦૯ સુધીના સમય-ગાળામાં પૂ.માની સંનિધિમાં ટેકસાસ સ્થિત બાળરોગના નિષ્ણાંત ડો.નિરુપમાબેન પટેલ અને પિનાકીનભાઇ પટેલના આર્થિક સહયોગથી મા—પ્રભુના કૃપા પાત્ર સાધકોની સેવાથી સ્વર્ગા-રોહણતીર્થમાં ૧૨૭૦ આંખના દર્દીઓનું નિદાન, ૬૭૦ દર્દીઓને ચશ્માનું વિતરણ અને ૧૦૫ દર્દીઓના આંખના મોતિયાના ઓપરેશનો કરવામાં આવ્યાં.

નવસારીની રોટરી આઇ ઇન્સ્ટિટ્યૂટના ડો. રૂપમબેનની કૌશલ્ય પૂર્ણ સર્જરી અને સહયોગી ડોક્ટરોની આગવી ટીમમાં ડો.રશ્મિતાબેન, ડો.રાજેન્દ્ર, ડો.કપિલભાઇએ સામેલ થઇ દરદીઓની આંખની તપાસ કરી, ઓપરેશનો કર્યા અને ભૌતિક જગત જોવા માટે નેત્રોમાંથી મોતિયા દૂર કર્યા. આંખના ડોક્ટરોની સાથે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ લીસા પટેલ, ગુંજન પોકિયા, હાર્દિક પટેલ, પારસ દેસાઇ કરણ રાવલ, કૃતાર્થ દેસાઇએ પોતાની વિકસતી કુશળતા દર્દીઓના દરદ નિવારણ માટે ધરી. ઓપરેશનો તો સર્જનોની ટીમ કરે પણ ઓપરેશન થીયેટરમાં સહયોગી સેવાઓ તો જોઇએ જ ને! આવી સેવાઓ માલતીબેન, કોકિલાબેન, વનિતાબેન, મિનાક્ષીબેન અને પ્રવીણાબેને ખડે પગે કરી. દિલીપભાઇ, સંધ્યાબેન, હેમલતા-બેન, મોહનભાઇ, પ્રવીણભાઇને ફિરોઝભાઇ પણ આ સેવામાં અવિરતપણે જોડાયેલાં રહ્યાં.

નેત્ર ચિકિત્સાથી લાભાન્વિત થયેલા દરદીનારાયણોને વિદાયમાન પણ પૂ.શ્રીમાની સંનિધિમાં ભાવજગતમાં ડૂબકી મરાવીને દર્શન સુખ આપીને, દરદીનારાયણને પ્રણામ કરીને પોતાની સેવાનો પણ સૂક્ષ્મ અહમ્ છોડાવીને અપાય છે. આ દશ્ય ઘણું જ સુંદર ને મોહક હતું.

એક બાજુ ભક્તો સંકીર્તનને ધૂન કરી રહ્યા છે. બીજી બાજુ દરદીનારાયણ હરોળમાં બેઠેલા છે. ઓટલા પરની બેઠક પર પૂ.શ્રીમા ધવલ વસ્ત્રોમાં બિરાજી રહ્યાં છે. બાજુમાં પૂ.શ્રીનું નાનકડું સ્વરૂપ છે જે પૂ.મા સાથે જ રાખે છે. ટેબલ પર દરદીનારાયણને પ્રેમપૂર્વક આપવાની વસ્તુઓ, દવાના ટીપાની બોટલ, વાટકા, થાળી, ગ્લાસ, શેતરંજી, નહાવા માટે ટુવાલ ને પ્રસાદ છે. ભક્તો, ભગવાન દરદીનારાયણનું સરસ મિલન થઈ રહ્યું છે. પૂ.શ્રીમાના પ્રેમનો પ્રવાહ ભૌતિક વસ્તુઓ દ્વારા પ્રવાહિત થઈને દરદીનારાયણ તરફ વહી રહ્યો છે. સૌ ભક્તો એ દશ્ય માણી રહ્યા છે.

દરદી નારાયણ તો નિરક્ષર છે. વાચતા કે લખતા ક્યાંથી આવડે? એટલે શ્રી અજયભાઈ કલોલા પૂ.શ્રીમાની સૂચનાથી દરદીનારાયણને સમજાય તે રીતે દવાના ટીપા આંખમાં નાખવાની રીત સમજાવે છે. વિશિષ્ટ સૂચનાઓ પણ પૂ.શ્રીમાના નિખાલસ હાસ્ય સાથે શ્રી અજયભાઈ આપે છે. દરદીઓએ બે માસ સુધી માથું ન ધોવું, ઓપરેશન કરેલી આંખના પડખે સૂવું નહીં, ચૂલો સળગાવાથી ધૂમાડો આંખમાં ન જાય તેની કાળજી લેવી, બે માસ સુધી ચશ્મા પહેરવા, આંખમાં ખંજવાળવું નહીં. પૂ.શ્રીમા બે બે વખત આ સૂચનાઓ અપાવે છે. ખૂબ કાળજી રાખે છે. દરદીનારાયણ જે સમજ્યા હોય તેને માઈક પાસે બોલાવીને દરદીનારાયણની આંખોની સારવારમાં ક્યાંય કચાશ



ના રહે તેવી કાળજી રાખે છે.

બધી જ વસ્તુઓ અને ટિકિટભાડાના રૂ. ૧૦૦ પ્રત્યેકને અપાય છે. પૂ.શ્રીમા ને ભક્તો દરદી નારાયણને એક પ્રણામ કરે છે, પૂ.શ્રીમા ને ભક્તો દરદી નારાયણની પ્રદક્ષિણા કરે છે ને વી.આઈ.પી. લોકોને જે આદર અપાય તેનાથી પણ વધારે આદર સાથે સ્વર્ગારોહણનાં દ્વાર સુધી વળાવવા જાય છે. સંકીર્તન સાથે સૌ પોતાના સ્થાન પર આવે છે.

ડો. નિરુપમાબેન અને શ્રી પિનાકીનભાઈના આર્થિક સહયોગથી યોજાયેલ આ સત્કર્મના યજ્ઞ પ્રસંગે ડો. નિરુપમાબેન પટેલ પોતાનો પ્રતિભાવ આપતા જણાવે છે કે;

પરમ પૂજ્ય અક્ષરદેહધારી યોગેશ્વરજીને મારા અનંતવાર સહસ્ર લક્ષ કોટિ પ્રણામ. ભૌતિક દેહધારીને પૂ.પ્રભુજીના ઉત્તરાધિકારી અને અલૌકિક પ્રતિભાશાળી પૂ.મા સર્વેશ્વરીને પણ મારા અનંતવાર સહસ્ર લક્ષ કોટિ પ્રણામ.

પરમ દયાળુ સાગર જેવા વિશાળ હૃદયવાળા મા, સૂર્યના કિરણો જેવા તેજસ્વી, ચંદ્રમાં જેવા શીતલ અને સંયમી, વાયુ દેવ જેવા ઝડપી ને દિલને બહેલાવી દે તેવા સુગંધિત પુષ્પોની મહેક આપીને ભક્તોને વૈકુંઠની સતત પ્રતીતિ પૂ.શ્રી મા કરાવી રહ્યાં છે.

પૂ.શ્રીમા સર્વેશ્વરી સર્વ રીતે ઐશ્વર્યશાળી છે તેની ડગલે ને પગલે આપણને પ્રતીતિ કરાવે છે. પૂ.શ્રીમાએ યોજેલા નેત્રચિકિત્સાના આ કેમ્પથી અંધકારમાં દુઃખથી પીડાતા હજારો લોકોને નવી દૃષ્ટિની ભેટ આપી છે. સૃષ્ટિની સુંદરતાને અનુભવવાની પણ ભેટ આપી છે. સાથે સાથે ભક્તોને સંસ્કૃત થવાની ને માનવીને મદદ કરી પૂ.શ્રી માની સંનિધિ મળી છે. પૂ.શ્રીમાને ધન્ય છે કે રાત–દિવસ દીન–દુખિયાની સેવામાં

ધૂપસળીની માફક પોતાની જાતને હોમી દીધી છે. પૂ.શ્રીમા જ જીવંત યજ્ઞ છે. પૂ.શ્રીમાની પવિત્રતા ને ધાર્મિકતા દરેક વ્યક્તિને સ્પર્શ કરે છે. પૂ.શ્રીમા નાનામા નાની વસ્તુની દરેક વ્યક્તિ માટે તકેદારી રાખી આપણને સુખ સુવિધા આપી પોતે દુઃખ પોતાના શિરે લઈ લે છે. પૂ.શ્રીમાને મારી વિનંતી છે કે અમારા જેવા દુનિયાના વમળમાં પડેલા માનવીઓને પણ થોડું દુઃખ વહેચે. પૂ.શ્રીમાની કૃપાથી નેત્રના દરદીઓને નવી આંખડી મળી. આ આંખનો ઉપયોગ સુદર્શન માટે સૌ કરે તેવી પ્રાર્થના છે.

પૂ.શ્રી માનું સ્થાન ખૂબ ઊંચું છે તો પણ આપણા જેવા માનવીની વચ્ચે રહી પૂ.શ્રીમા આપણી જરૂરિયાત સહજ રીતે પૂરી પાડે છે. પૂ.શ્રી માના ચોકસાઈ ભર્યા સ્વભાવનો આજે એ થયો કે ઠંડીનો સામે રક્ષણ માટે પ્રત્યેક દરદીને ગરમ ધાબળો તથા ચાદર આપી અને આ ભૌતિક ધાબળાની છત્રછાયાથી આશીર્વાદની છત્રછાયા ધરીને રક્ષા કવચ કરી દીધું.

ડો.નિરુપમાબેન ભલે અમેરિકામાં બાળકોના ડોક્ટર હોય પણ હૃદયથી પૂ.શ્રીમામાં પીગળીને ભક્ત બની ગયા હોય તેમ જણાય છે. ડોક્ટરોના સન્માન સમયે ડો.નિરુપમાબેને પૂ.શ્રીમાની ભક્તિ પ્રગટ કરવા માટે બે પદો ગાયા.

૧. કોણે રે ઘડ્યા રે માને કોણે રે ઘડ્યાં,<br>
આવા તે મજાના માને કોણે રે ઘડ્યાં.<br>
પ્રભુએ ઘડ્યાં રે માને પ્રભુએ ઘડ્યાં,<br>
આવાં તે મજાનાં માને પ્રભુએ ઘડ્યાં.

૨. આવો માડી આવો પ્રભુ મારા આંગલ આજે<br>
સપનોને સાકાર કરીને પાવન કરવા આજે

આ બંન્ને પદો પોતે જ રચેલાં છે. ભક્તો આ પદ સાંભળીને ભાવ વિભોર થયા. મનોમન કહેવા લાગ્યા કે એક બાળરોગ



નિષ્ણાત પૂ.શ્રીમાનો પ્રેમનો પ્રસાદ પામીને કેવાં ભાવભીના થઈને વિદેશની ધરતી પર સુંગધ પસરાવી રહ્યાં છે.

પોતાની હોસ્પિટલમાં આવતા બાળ દરદીઓને લખાતા પ્રીસ્ક્રીપ્સન પર પ્રથમ 'ૐમા' લખે ને પછી જ દવા લખે. વળી અધરા દરદીઓ સાજા કરે. દરદી, ડોક્ટર અને ભગવાનનું મિલન થાય ને દરદ દૂર થાય. વૈજ્ઞાનિક યુગમાં પણ વિજ્ઞાનની પેલે પાર વિલસતા અધ્યાત્મ જગતને સ્પર્શવાનો આ એક નાનકડો પ્રમાસ નથી શું?

અરે! એક વખત બાળક પૈસો ગળી ગયો. ગળામાં તે ફસાઈ ગયો. એકસ—રે કઢાવ્યો. બાળકને બચાવવા વૈજ્ઞાનિક સાધનો તો હતાં જ પણ પૂ.શ્રીમાને પ્રાર્થનાનો કરેલો પોકાર બચાવી લે છે ને પૂ.શ્રીમાની સર્વવ્યાપક્તાનો એક અનુભવ જીવનની શ્રદ્ધાભરી નાવમાં ઉમેરાય છે. દરદીઓના હૃદય પર સ્ટેથોસ્કોપ મૂકાય ત્યારે ૐમા ૐમાનો જપ જ કરે. કેવી શ્રદ્ધા! જાણે દવાને દુઆનું સુભગ મિલન. દરદ નિવારણની નવી ચિકિત્સા પદ્ધતિનો ઉઘાડ! અટલ શ્રદ્ધા એવી કે પૂ.શ્રી મા મારી સાથે ૨૪ કલાક રહે છે. આવી છે ડો. નિરુપમાબેનની ભાવજગત, પ્રેમજગત ને પૂ.શ્રીમાના જગતની અનુભૂતિઓ ને શરણાગતિ. વિદેશમાં રહીને ભારતના દરદીઓની સેવા કરવાની આ ઉત્કૃષ્ટ પગદંડી તેઓએ સારી રીતે પસંદ કરી લીધી છે.

પૂ.શ્રી મા પણ સરસ રીતે પ્રતિભાવ સ્લેટ પર લખીને આપે છે. શ્રદ્ધા કેવું કામ કરે છે! સુંદર પરિણામ આપે છે. દરદીઓ સાથે કામ લેતાં ૐ માનું સ્મરણ ડો. નિરુપમાબેન કર્યા કરે છે. મંત્ર સાથે કેવી સફળતા મળે છે. 'કેવા મજાના મા' એ પદ શ્રી કલ્યાણ સાંભળે તો નર્તન કરે. ડો. નિરુપમાબેને સરસ ભાવ

વ્યક્ત કર્યો. એમને તો શ્રદ્ધા હોય પણ પતિદેવને ન હોય તો આવું સરસ સંકીર્તન ન થશે. શ્રી પિનાકીનભાઇ અને ડો. નિરુપમાબેનની લક્ષ્મીને આવા સત્કર્મમાં વાળીને શુભલક્ષ્મીમાં પલટાવી છે. હજારો કમાય છે. કોઇકનીજ લક્ષ્મી સત્કર્મમાં વપરાય. અને હજી તો આવો જ બીજો કેમ્પ પણ કરવા માગે છે. જાતે આવીને જોયું તો ઈચ્છા થઇ તે સ્વાભાવિક છે.

ડોક્ટરોની સેવાઓ બદલ પૂ.શ્રીમા સૌને સન્માને છે, ભેટ આપે છે, પ્રસાદ આપે છે. સૌ પ્રસન્ન થાય છે. પૂ.શ્રીમા લખે છે કે ''આ ડોક્ટરો તો દેશ વિદેશ ઊડેછે, કરોડપતિને ત્યાં ઉતરે છે, આ તો ગરીબ માની ઝૂંપડી છે. ભોજન ને ઉતારાની મુશ્કેલી પડી હોય તો ક્ષમા કરજો. સ્વર્ગારોહણ વહેલા વહેલા પધારજો. ડો.રૂપમબેનની સર્જરીમાં જાદુ છે. સો ટકા સફળતા મળી છે. એમને ડો. રૂપમબેન પર વિશ્વાસ છે માટે એમની મંડળી સાથે ફરી ફરી સો માટે પધારજો.''

પૂ. શ્રીમાની સૂચનાથી ડો. રૂપમબેન પણ પ્રતિભાવ આપનાં જણાવે છે કે પૂ. માએ જ બોલતા શીખવ્યું છે. તમારી ગરીબ ઝૂંપડીમાં ખૂબ મજા આવે છે. આવો કેમ્પ ક્યાંય થયો નથી.

શ્રી રાજુભાઇ જાનીએ માહિતી આપતાં જણાવ્યું કે આ સાતમો નેત્રયરી છે. આજ સુધી ૭૮૫ મોતિયાના ઓપરેશનો થયાં. કોઇની ફરિયાદ નથી આવી, એ પૂ.શ્રીમાની અસીમ કૃપાનું ફળ છે.

ભક્તોનાં ભાવની પુષ્ટી કરતાં પૂ.શ્રીમા લખે છે કે આપણા સ્વર્ગારોહઋના બધા જ સ્વજનોએ દરદીઓને માત્ર બે દિવસ માટે દત્તક લેવામાં તમે સૌ સફળ થયા છો. એવું અમને લાગે છે. તમે બધાએ ખૂબ સેવા કરી છે. સેવા કરી કરીને સુગંધ



ફેલાવી છે. પૂ.શ્રીમાના સેવક ભક્તશ્રી સ્નેહલભાઇને કેમ્પના પ્રસાર અંગે બોલવા જણાવ્યું. શ્રી સ્નેહલભાઇએ જણાવ્યું કે સ્વર્ગારોહણતીર્થની આસપાસના ૩૦૦ કી.મી. ના ઘેરાવામાં પથરાયેલા છુટાછવાયા ગામોમાં ૫૦ થી ૬૦ સરપંચોની મદદ લઇને આ કેમ્પ માટે પ્રચાર કર્યો હતો. આ કેમ્પના જ ઓપરેશનો કરાવવાનો આગ્રહ ઘણા રાખે છે કારણ કે પૂ.શ્રી મા દ્વારા આયોજીત આ કેમ્પમાં પૂરી સફળતા મળે છે. મોતિયો પાક્યો ન હોય તો ઓપરેસન ના થાય. પણ પાકે ત્યારે બીજા કેમ્પ સુધી રાહ જુએ પણ અન્ય જગ્યાએ ઓપરેશન કરાવવા ના જાય એ હકીકત છે. શ્રી તુલસીભાઇએ તો આ કેમ્પમાં ઓપરેશન માટે નાથદ્વારાથી એક દાદાને તેડાવ્યા હતા. પૂ.માની સંનિધિ ને સંકલ્પથી સફળતા મળે છે.

સાધકબેન ગાયત્રીએ દરદીનારાયણની સેવા કરતાં કરતાં અનુભવ થયો તે જણાવતા કહ્યું કે એક દરદીબેનના ગળામાં સોનાના ઘરેણાં હતાં. આર્થિક સ્થિતિ સારી હતી છતાં કેમ આ કેમ્પમાં આવ્યાં! તો દરદી કહે કે પૂ.મા પર અમને શ્રદ્ધા છે. આ કેમ્પમાં ઓપરેશન માટે રાહ જોતા હતાં.

દરદીઓને હાથ પકડીને, સહાયક બનીને સેવા કરતી સ્તુતિએ સેવાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું કે દરદીઓ એવું કહેતા કે અમને શ્રદ્ધા છે કે અહિંયા સારું થશે. અમારી સેવા આવી રીતે કોઇ નથી કરતું. પીઠ પર હાથ ફેરવીને દરદીઓ આશીર્વાદ આપે કે તમારું સારું થજો, ભલું થજો. કૃપાળું મા સારા છે એવું દરદીઓ કહે છે દીપુબેનને પણ દરદીઓ કહે છે આવી સારવાર ઘરના પણ ના કરે. ભલું થજો, સારું થજો એવા આશીર્વાદ આપે ને બેટા બેટા કરે.

અમેરિકાથી શ્રી પ્રેમલભાઇ, બીપીનભાઇ શાહ આવેલા. તેઓએ પોતાની પરચુરણ બચત કરીને સત્કર્મ માટે ધરી. પોતાના અનુભવનું વર્ણન કરતાં જણાવ્યું કે આ કેમ્પમાં ડોક્ટરો, સેવકો, વસ્તુઓનો સુભગ સમન્વય થયો ને સૌને ઉત્તમ રીતે સેવાઓ મળે એ જ સાચી વ્યવસ્થા છે. લશ્કરમાં સંખ્યા ઓછી હોય છે પણ ગુણવત્તા વધારે હોય છે. અહીં સેવકો સંપ ને પ્રેમથી કામ કરે છે. સંપ ને પ્રેમ મોટી તાકાત છે. મા વ્યવહારું છે ને જે કહે છે તે કરીને બતાવે છે. શ્રી પ્રેમલભાઇના ભાવવાહી વ્યક્તવ્ય પછી પૂ.શ્રીમા પ્રતિભાવ આપતાં સ્લેટ પર લખે છે કે ‘‘સૌ બોલજો. હે પ્રભુ! પ્રેમલ જેવા અનેક સ્વજનો છે તેને તો નિત્ય અહીં જ રમતા રાખજો. તનથી ના રાખો તો મનથી પણ અહીં જ રાખજો.’’

યુવક સાધકોને પ્રેરણા આપતાં પૂ.શ્રીમા લખે છે કે ‘‘આપણા યુવાન ભાઇ–બેનો પક્ષી જેવા છે. ચણ નાખીએ, ખૂબ રાહ જોઇએ તો ના આવે. પોતાના સમયે કેમ્પમાં સેવા આપવા અચાનક જ આવી જાય છે. રાતે કે વહેલી સવારે એક દિવસની રજા લઇને દોડતા દોડતા કેમ્પમાં સહયોગ ધરી જાય છે. એ બધા બાળકોની સેવા સાચે જ વંદન કરવા યોગ્ય છે.’’

સાધકોને પૂ.શ્રીમા બીસ્કીટનો તથા પૂ.શ્રીમાના સુંદર સ્વરૂપનો પ્રસાદ પોતાના વરદ્દહસ્તે આપે છે. સૌ પ્રસન્ન થાય છે.

દરદીઓને ડો. નિરુપમાબેન તરફથી દવા, ચશ્માને ઓપ-રેશનનો ખર્ચ તો અપાયો જ છે પણ ટુવાલ, શેતરંજી, થાળી, વાટકા, ગ્લાસ, પ્રસાદને ટિકિટભાડાના રૂ.૧૦૦ અપાયા છે. તારકનો જન્મદિવસ છે એટલે ચવાણાનો પ્રસાદ તેના તરફથી દરદીઓને મળે છે. માસ્માના નટુભાઇ–વિજુબેન તરફથી તપેલી ને પવિત્રા–દેવાંશી તરફથી બાઉલ દરદીઓને મળ્યાં.



અમેરિકાથી આ નિદાનયજ્ઞમાં પૂ.શ્રીમાની દિવ્ય લીલાનાં દર્શન કરવા શ્રી વિનોદભાઇ, સરોજબેન, રાધા, નિત્યા, પ્રેમલ, મીનાબેન, ભાવેશ શ્રી જગુભાઇ, નીરુબેન, ગુલાબબેન, દમયંતીબેન લાડ, ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને સેવા કરી હતી.

શ્રી લાલાભાઇએ તથા તેમની રસોઇ મંડળીએ સરસ ભોજન બનાવી જમાડયા, શ્રી હેમલભાઇ, શ્રી સ્નેહલભાઇએ સરસ પ્રચાર વ્યવસ્થા સંભાળી, વિનેશકુમારે ભોજન વ્યવસ્થા તથા દરદીઓની જાળવળી રાખી. રાત્રી દરમિયાન હસુબેન, મયૂરીબેન, ગાયત્રી, પાયલ, મધુબેન, બીપીનભાઇ, વિજય-ભાઇ, કંદર્પભાઇ, કીર્તન, જયુ, દપુિ, સ્તુતિ, મીનાબેન, ટીનુ, ઉર્વશીબેન વગેરેએ આખી રાત જાગીને દરદીઓની સેવાઓ કરી.

કેમ્પની પૂર્ણાહૂતિ પાંચ પ્રણામ, ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ પદ ગાઇને કરી. પૂ.શ્રીમા સેવાના આ કેમ્પથી ખૂબ પ્રસન્ન રહ્યાં, ભક્તોને સંનિધિ સુખને દર્શન મળ્યાં. દરદીઓનાં દુઃખ ટળ્યાં ને સૌ પૂ.શ્રીમાના આશીર્વાદ પામ્યા.

આ સમયે દમયંતીબેન, દીપુ, જપુ દ્વારા સૂરીલા કંઠે
‘ગુરુદેવ પ્રભુ મારા યોગેશ્વર શામળિયા
દીન દુઃખિયોના તમે આંખોના અજવાળા,
ગુરુદેવા યોગેશ્વર શામળિયા
યોગેશ્વર ગુરુદેવા શામળિયા’

ની ધૂન ગવાતી હતી અને ભક્તો સમૂહમાં ગાતા હતા. સાચે જ દરદીઓને આંખોમાં અજવાળા થતા હતા.

# પૂ. માની નિત્ય નોંધ

મા સર્વેશ્વરી

**તા. ૨૬/૧૧/૦૭ મુંબઈથી મહાબલેશ્વર**

તા.૨૫ના પ્રકાશદર્શને માને નિદ્રાવિહીન અવસ્થાનો પ્રસાદ શ્રી હરિએ ધર્યો.

તા.૨૫નો આખો દિવસ ને આખી રાત—એટલે કે આ ડાયરી લેખનમાં સવારે છ વાગ્યા છે. સતત સતત લેખન અને સતત સતત સત્કર્મપરાયણ.

આખી રાત વીતી ગઈ! સાક્ષીમાં સમય, આકાશ, તારા, ચંદ્ર, આ ઓરડો, આ પલંગ, આ ટેબલ, આ કલમ, આ ચાર ભીત અને એ સૌ સાથે શ્રી નીલાબેન અને શ્રી નીરૂબેન પણ હાજર.

કેવું અદ્ભુત છે! બસ આનંદ જ આનંદ. મટકુ પણ માર્યા વિનાની આ પવિત્ર રાત વીતી ગઈ.

પ્રભાત પ્રગટે છે. આજે તો મહાબળેશ્વરની યાત્રા કરવાની છે. હા, પાછા ડેરા દંડા ઊઠાવવાની યોજના છે.

સ્નાન, શીર્ષાસન, ૨૮૦ પ્રણામ થઇ ગયા છે. ૧૩ નવેમ્બર,૨૦૦૭ થી ૦૫ પ્રણામ વધાર્યા છે. શ્રી હરિને ૫ પ્રણામની જરૂર પડી હશે. તો જ, નિયમિત ૨૮૦ પ્રણામ થઇ શકે છે.

વરદ હસ્તની પ્રાર્થના અને ૫ પ્રણામ પછી યાત્રા પ્રારંભ પામી છે.

તા.૨૨/૧૧/૦૭ની રાત હરિના નામે જગાઇ ગયું. અને તા.૨૩ ના પ્રભાતે પાછો ક્રમ શરૂ થયો. શા માટે આવું સતત



જગાડે છે તેની મા ને જાણ નથી. જાણવું પણ નથી. શ્રી હરિની મરજી.

આજના સહયાત્રીઓ નીચે મુજબ છે.

૧ પ્રભુ ૬ આનંદ ૧૧ ભારતીબેન

૨ મા ૭ દીપેશ ૧૨ મંજુલાબેન

૩ ક્ષીપ્રા ૮ રાજીવ ૧૩ નિર્મલ

૪ નીલા ૯ જગુભાઇ

૫ જીગીશા ૧૦ પ્રકાશભાઇ

માર્ગમાં ધરતીમાતાની હરિયાળી ચાદર સૌનું ધ્યાન દોરતી હતી. ભાઇ આનંદ પોતાની ગાડીમાં માને આજે મહાબળેશ્વરની યાત્રા કરાવી રહ્યો છે. યુવાનીને જાણે સાત્ત્વિક સેવાથી સ્વચ્છ કરી રહ્યો છે. શાંત, નમ્ર, સમજુ, વિવેકી આ યજમાન પુત્ર શ્રી હરિની સેવામાં હાજર થયો છે. એ યુવાનનું નિર્જળાવ્રત આજે છે. હા, નિયમિત નિર્જળાવ્રત, નિયમિત ગુરુવાર. અરે, નિયમિત સવાલાખ મંત્રનું અનુષ્ઠાન. હા, આ બધા જ પાસા ભાઇ આનંદનાં પ્રેરક છે. અને વર્ષોથી એક જ આદર્શ વાત ને મક્કમ બનીને વળગી રહ્યો છે અને તે છે અપરણીત જીવનની. પવિત્ર સેવાથી સંપન્ન જીવન જીવવાની એ મોજ માણી રહ્યો છે. આજની ગાડીના—હરિરથના સારથી આનંદરાવ યુવાન છે.

એટલે જ આજનો હરિરથ તીવ્રગતિથી ધ્યેય પ્રતિ દોડતો રહ્યો. સરસ રીતે દોડાવીને ધારેલ સમયે મહાબળેશ્વરના ગંતવ્ય સ્થાને ઊભો રહી ગયો.

માર્ગમાં સતત લીલીછમ હરિયાળી, વનદર્શન, ક્યાંયેક તળાવો પણ જોવા મળ્યાં. વિવિધ દર્શન કરતાં કરતાં શ્રી હરિદર્શન કેવું ને કેટલું ભૂલાઇ જાય છે તેનું આજે જાણે કસોટી

હતી. મહાબળેશ્વર સુધી પહોંચવા કોઇ જ ક્યાંયે ના નડ્યું. જાણે મહાબળેશ્વર ભગવાન શ્રી શંકરે પોતાની કૃપા સતત વરસાવીને શ્રી અંકે રમવા તેડી લીધા.

આજે માર્ગમાં લગભગ વિશ્રામ, મંત્ર જપ તથા નિર્મલ દ્વારા થતો દશરથાચલ યાત્રાના સત્સંગનું શ્રવણ થતું રહ્યું.

આઠ કલાક શ્રી હરિરથમાં જાણે આસનસિધ્ધિ નિર્જળાવ્રત હતું. દરેક લાંબી યાત્રાના પ્રસ્થાન કે પૂર્ણાહુતિને નિર્જળાવ્રતથી વધાવવાનો જાણે એક નિયમ સહજ રીતે વરસોથી ૧૯૮૪ થી એટલે કે છેલ્લા ૨૫ વરસથી ચાલુ રહ્યો છે. એ બન્ને દિવસોની જાણે નિર્જળાવ્રતથી પૂજા કરાવી લેવામાં શ્રીહરિ અગ્રભાગ ભજવે છે. નિર્જળાવ્રત છે એવું પણ સ્મરણ રહેતું નથી. એટલી બધી એ વ્રતની વિશેષતા છે. એ વ્રતને પણ **મા** નામના વ્યકિતત્વમાં ભળી જવાની - કહો કે **મા** નામના મહાતીર્થની યાત્રા કરવાની ટેવ પડી ગઇ છે. ત્રણ ટંક ભોજન કરીને જે કામ થાય, જે સ્ફુર્તિ કે જે શક્તિ, અનુભવાય તેવી જ અરે તેથી પણ વધુ શક્તિ સ્ફુર્તિ આ વ્રત સાથે વીંટળાયેલી રહે છે. નિર્જળાવ્રત જાણે આ જીવનનો એક ભાગ બની ગયો છે.

શ્રી હરિરથ હજી આવીને ઊભો જ છે, ત્યાંજ વડોદરાથી પંડીતજીનો ફોન આવે છે. હે મા, આજે આપનો પ્રાગટય દિન છે. અમે ૫ થી ૮ કાર્યક્રમ રાખ્યો છે આશીર્વાદ આપો.

સારો જ એ ફોન આવ્યો ત્યારે જ **મા** ને ફરી યાદ આવ્યું કે અરે, આજનો દિવસ મહત્ત્વનો છે. આશીર્વાદ આપવાની સર્વ કાર્યવાહી પરમેશ્વર શ્રી ગુરુદેવતાના હાથમાં છે. **મા** તો માત્ર પ્રાર્થના જ કરી શકે.

એટલે પ્રાર્થના જ કરી છે. શાની? કોની? અરે, **મા** ની બધી



જ પ્રાર્થનામાં શ્રી ગુરુભગવંતનું ભક્તવૃંદ તો હોય જ. આજની પ્રાર્થના ફોન ઉપર રાતે સંભળાવી છે.

તમારા સૌની શ્રદ્ધાભક્તિ દઢ બનો, તમે સૌ સાધનાથી સજ્જ બની શ્રી હરિચરણે ઠરો. પવિત્ર પ્રભુ પરાયણ જીવન તમારા સૌનું બનો .

શ્રી પંડિતજીનો પ્રેમભાવ , પૂજ્યભાવ છે તો તે આશીર્વાદ માગવાનું ભૂલતા નથી.

આ મહાબળેશ્વર-સૌથી વધુ બળવાન શ્રી શંકર ભગવાનનું આ સરસ સ્થાન છે. શાંત, એકાંત, હિમાલયના પવિત્ર સ્થાનમાં શ્રી હરિએ જાણે તેડી લીધા. પ્રકાશભાઇ, દીપેશ, રાજીવનો પરિશ્રમ સફળ થયો. સાધના માટેનું જાણે આ સર્વ સુવિધાથી સજ્જ સ્થાન છે.

દશ્યમાન જગતના સર્વ ઘોંઘાટોને અહીં દેશવટો અપાયો છે. જાણે ૨૪ કલાક મૌનમંદિર. માત્ર ભક્ત ને ભગવાન. પ્રાકૃતિક સૌંદર્ય અને તેનું રસપાન કરનાર પ્રેમી. બસ, બેનું જ અહિં અસ્તિત્વ લાગે છે. હે પ્રકાશભાઇ, દીપેશ, રાજીવ, આપે સાચે જ સરસ શાંત, એકાંત સ્થાન શોધી આપ્યું. ધન્યવાદ હે ત્રણ બાળકો, આપનું સર્વ પ્રકારે મંગલ હજો. કલ્યાણ હજો. હે હરિ આપની આ પસંદગીને પ્રણામ પ્રણામ પ્રણામ.

# ચાહત યજ્ઞ

જ્યોત્સનાબેન ત્રિવેદી

સ્વગારોહણની ભૂમિ તીર્થભૂમિ છે. ત્યાં દેવ ત્રિપૂટીનો નિવાસ છે. શક્તિપીઠની શક્તિ છે, ત્યાં સાધના જપ અને જ્ઞાનની ગંગા નિત્ય વહ્યાં જ કરે છે. મહાત્મા શ્રી યોગેશ્વરજીને અભિપ્રેત અને મા સર્વેશ્વરીને પ્રિય એવા નિત્ય માનવ જીવનના ઉત્થાનના યજ્ઞો ત્યાં થયા જ કરે છે.

ભગવાન કૃષ્ણ જેમ કર્મ, ભક્તિ, ને જ્ઞાનને યોગમાં સમાવી લે છે, તેમ પૂ.શ્રી માએ યજ્ઞની પરિભાષા જ બદલી નાખી છે. જીવતા દેવને સેવો એ પૂ.શ્રીનો સંદેશ શ્રી શ્રી માએ જીવનમાં જ ઉતારી દીધો છે. હવન, કાષ્ટ. ઘી કે ધૂમાડાના યજ્ઞોને બદલે ભૂખ્યા જનોનો જઠરાગ્નિ ઠારવો, વિદ્યાર્થીઓને વિદ્યાદાન, વસ્ત્ર વિહિનોને વસ્ત્રદાન, પગરખા વિહિનોને પગરખાદાન જયાં જયાં જેને જેનો અભાવ ત્યાં ત્યાં તેને તેને તેની પ્રાપ્તિ કરાવવી તેને સંતૃપ્તિ ધરવી, તે જ શ્રી માના નિસ્વાર્થ ભાવે કરાતી સેવાથી વિભૂષિત કાર્યો તે જ યજ્ઞો, ત્યાં મંત્રગાન છે. પ્રભુનામનું અખંડ સ્મરણ છે, ત્યાં સાધકોની નિત્ય જપ, તપ, સત્સંગની વેદી છે, એવી આ યજ્ઞભૂમિમાં એક નવા પ્રકારનો યજ્ઞ થયો છે 'ચાહતયજ્ઞ' પૂ.શ્રી મહાત્મા યોગેશ્વરજી શ્રી શ્રી મા સર્વેશ્વરી અને પૂ.શ્રી મા જ્યોર્તિમયી જ્યાં વિરાજતાં હોય ત્યાં આસપાસના વિસ્તારોમાં કોઇ દીન, દુઃખી કેમ રહી શકે? કોઇને તેના કર્મો પર શી રીતે છોડી દેવાય? તેથીજ આ દેવ ત્રિપુટીએ વિશિષ્ટ કૃપા કરી આ યજ્ઞનું આયોજન કર્યું.

સ્વર્ગારોહણને આંગણે તા. ૨૨-૩-૦૯થી તા ૨૬-૩-૦૯



સુધી આ યજ્ઞનો આરંભ થયો. આ યજ્ઞ વિકલાંગો માટે અંગઉપાંગ બનાવવાનો યજ્ઞ હતો. બીજા પર પરાવલંબી એવા મનુષ્ય જીવનને આત્મ નિર્ભર કરવાનો આ યજ્ઞ હતો. કોઇકને કોઇક રોગના અભિષાપ રૂપે, તો કોઇકને ડો.ની ભૂલના ભોગે, કોઇ વાહન ચાલકોની અડફેટે, તો કોઇ બીજી કોઇ પણ રીતે અકસ્માતનો ભોગ બનેલા, તો કેટલાક જન્મથી જ કંઇક અપૂર્ણતાને પામેલા એવા સર્વ ભાઇ બહેનોને ઉપેક્ષિત જીવનમાંથી મુક્તકરવાનો આ એક સ્તુત્ય પ્રયાસ હતો.

આપણી પાસે જે કાંઇ છે, તે માત્ર ને માત્ર આપણી માટે જ નથી, પણ આપણા આસપાસના સમાજમાં વસતા ભાઈ બહેનોનો પણ તેના પર અધિકાર છે. શ્રી શ્રી માના શબ્દોમાં તેઓ આપણી "હૂંફના હકદાર" છે. શ્રી કૃષ્ણ ભગવાન ગીતામાં પણ કહે છે જે સ્વકેંદ્રી બની જીવે છે પોતાને માટે જ વાપરે છે કે ખાય છે, તે પાપને જ ખાય છે. એવી વિચારસરણીથી પ્રેરાઇ અને પૂ.શ્રી માની પ્રેરણા અને આશીષથી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિની મદદથી અને સ્વર્ગારોહણના સાધકભાઇ બ્હેનોના આર્થિક સહયોગથી આ કાર્ય શક્ય બન્યું. તેઓ શ્રી પંકજભાઇ તથા અવંતિકા બહેન, જયશ્રીબેન વોરા, અને મયૂરભાઇ, શ્રી ચંદાબેન(અમદાવાદ) શાંતિભાઇ લાભુબેન કનેરિયા– (રાજકોટ), જગ નિર્મલ (નવસારી) અને શ્રી આનંદભાઈ ભટ્ટ, શ્રી રક્ષિતા જોષી ને પૂજા ત્રિવેદી, શ્રી મૈત્રેયી ત્રિવેદી(મુંબઇ), રામભાઇ શારદાબેન (નનસાડ) ગુલાબબેન (પનામા) સુશીલાબેન ગોવિંદભાઇ (ન્યુજર્સી) આ સહયોગથી અપંગ ભાઇ બહેનો માટે કૃત્રિમ પગ (જયપુર ફૂટ), કેલીપર્સ, ટ્રાઇસિકલ કાખઘોડી વગેરે વિતરણનો સેવા યજ્ઞ થયો.

આ કાર્યક્રમ કોઇ ટી.વી. કે છાપાઓની જાહેરાતથી નહોતો થયો, પણ પહેલાં લાભ પામેલા ભાઇ બેનો મુખોપમુખ પ્રચારથી, ભાઇશ્રી હેમલભાઇ, સ્નેહલભાઇ અને અન્ય સાધકોના પ્રયત્નોથી દરરોજ સવારથી સાંજ સુધી બાઇક પર ૮૦ થી ૯૦ માઇલની મજલ કાપી અંદરના ગામડે ગામડે જઇ. લોકોને સમજાવી, તેવા દર્દીઓને શોધીલાવી ભૂખ તરસ કે બીજા કશાની પણ પરવા કર્યા સિવાય, એક સેવા કાર્યને સંપૂર્ણપણે સફળતા અપાવવાના ઉત્સાહથી આ પ્રચાર કાર્ય કર્યું તેથી જ તો આપણે ૨૨૫ જેટલા ભાઇ બહેનોને તેનો લાભ અપાવી શક્યા.

આજે કોઇપણ પ્રકારની તબીબી સારવાર મોંઘીદોટ થઇ ગઇ છે. ત્યારે રણમાં વીરડી સમાન આ સેવાનો લાભ નીચલા મધ્યમવર્ગ અને ગરીબ લોકોએ મોટા ભાગે લીધો, પણ તેમાં બે દર્દીઓ તો ગાડીવાળા પણ હતા. આવા યજ્ઞોમાં આપણે ત્યાં સેવા ખૂબ સારી રીતે કરવામાં આવે છે, માટે તેનો લાભ લીધો અંબાજીની આસપાસના વિસ્તારના જ નહીં, પરંતુ ઉત્તર ગુજરાતના ચાર જિલ્લા, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, વડોદરા, સુરત, અમદાવાદના ભાઇ બેનોએ પણ તેના લાભ લીધો.

આ ચાહત યજ્ઞનો મંગલ પ્રારંભ પૂ.શ્રીમાના આર્શીવચન, પ્રભુપ્રણામ, તેમજ દાતાઓને ૐ યોગેશ્વર રક્ષમામ્‌ની રક્ષક કવચરૂપી શાલ આપી કરવામાં આવ્યો. નોંધાયેલ સમગ્ર દર્દીઓને પાંચ દિવસમાં વહેંચી દેવામાં આવ્યા હતા, જેથી સારવાર લેવા આવનારને બહુ રાહ ન જોવી પડે, ને સારવાર કરનારને ખૂબ પરિશ્રમ ન પહોંચે. માની દિવ્ય દૃષ્ટિ સઘળું જ વિચારે. સારવાર પામનારનું કામ એક જ વારમાં થઇ જાય,



તેમ જ તેને પરિશ્રમ ન પડે તેનું પણ સવિશેષ ધ્યાન શ્રી શ્રી મા સિવાય બીજું કોણ વિચારી પણ શકે?

વિકલાંગ ભાઇ બેનોમાં જેને ઘોડી પ્રાપ્ત કરવાની હતી તેઓને સહુથી પહેલાં આપવામાં આવતી. ત્યાર પછી તેમને જીવનમાં ઉપયોગી થાય એવો સામાન પણ આપવામાં આવતો, જેમાં ચારસો, રૂમાલ, બગલથેલો, ચીકી, ચવાણું, બિસ્કીટ, વાસણો, ચોકલેટ. વાંચી શકે તેવા ભાઇ બેનોને પુસ્તકો. સર્વને લક્ષ્મીની પ્રસાદી તો ખરી જ. સહુનું ઠંડા પાણીથી સ્વાગત, સહુના રહેવા જમવાની વ્યવસ્થા—જાણે કોઇ માનવંતા મહેમાન હોય તેવી મહેમાનગતી. માને તો સર્વકોઇ પર વહાલની વર્ષા કરવી હતી. ઉપેક્ષિત અને તિરસ્કૃત માણસોમાં જીવન જીવવાની આશા જગાડવી હતી. જીવન જીવવા જેવું છે, તેવો નવો મંત્ર આપવો હતો. આ ભાઇ બહેનોને આ બધી વસ્તુ ઉપલબ્ધ કરાવી મંત્રગાનથી સન્માનિત કરી સંકીર્તનથી વિદાય આપવામાં આવતી હતી. સહુ પ્રેમમય વિદાયથી આર્દ્ર બની જતા અને સ્વર્ગારોહણને વંદન કરી મા પ્રભુનો ખૂબ ખૂબ આભાર માની, સજળ નેત્રે ઘરે જતા હતા. જાણે ઘરે જવાનું તેમને ગમતું જ ન હોય તેવું ઘણાની મુખમુદ્રા પરથી તો લાગતું.

તો કેલીપર્સવાળા ભાઇ બેનોને તેમના માપ પ્રમાણે બૂટ બનાવી આપવામાં આવતાં. જયપુર ફૂટવાળા ભાઇઓને પણ અહીં જ માપ લઇ, અહીં જ ટેકનીશયનોની મદદથી કૃત્રિમ પગ બેસાડી આપવામાં આવતો. એક ભાઇને તો વળી બીજો પંજો પણ ન હતો. તો જેમનું કામ અહીં થાય તેવું નહોતું, તેવા તે ભાઇને જયપુર મોકલી એક જ દિવસમાં તેમના બંન્ને પગનું કામ કરાવી આપી ચાલતા કરી ઘરે મોકલાયા. જયપુર ફૂટ વાળા

અને કેલીપર્સવાળા ભાઇ બેનોને સાધક ભાઇ બેનોને દ્વારા જ ચાલવામાં મદદ કરવામાં આવતી. સતત મંત્રગાનથી તેમને હિંમત આપવામાં આવતી, તો શ્રી શ્રી મા પ્રભુની કૃપા દૃષ્ટિથી તેમને આત્મવિશ્વાસની પ્રાપ્તિ થતી. તે સહુને ચાલતા જોઇ શ્રી શ્રી માને ખૂબ આનંદ થતો. શ્રી શ્રી મા ચાલવા માટે પ્રસાદનું વધું પ્રલોભન (insentive) આપતાં. આ દશ્યો ખરેખર દર્શનીય હતાં. ખંડેર બની ગયેલાં માનવ જીવનો મંદિરનો દરજ્જો પ્રાપ્ત કરતાં હતાં. તેવા નવસર્જનની વાત હતી. આનંદ આનંદ મૂર્તિમંત બની જીવંતતા ધારણ કરતો હોય તેવું લાગતું. પાણી વગરના ઉપવાસ છતાં માર્ચ માસના તાપમાં પણ છેવટના દર્દીનું કામ ન પતે ત્યાં સુધી શ્રી શ્રી મા ત્યાં ઉપસ્થિત રહેતાં. વિહલાંગોને આવો પ્રેમ! આ સર્વદર્દીઓની સારવાર કરનાર જયપુરથી આવેલ ભાઇઓ પણ વિહલાંગ હતા. પૂ.શ્રીમાનો પ્રેમ, સાધકોની આદરપૂર્વકની સેવાભાવના, સુંદર અને સફળ આયોજન, તે સર્વ સેવકોને પણ આનંદિત કરી ગયું. પૂ.શ્રીમાએ તેઓને પણ પુરસ્કારથી નવાજ્યા. તેઓને સંગીતમય પ્રાર્થના-ઓની સીડી, પુસ્તકો, બેગ ઉપરાંત ઘણું ઘણું શ્રી શ્રી મા એ આપ્યું, ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા.

આ યજ્ઞનો પ્રતિભાવ આપતાં બેન પ્રિયંકાએ કહ્યું, ‘‘તે આ પહેલાં યજ્ઞમાં ભાગ લઇ ચૂકી છે. તેને પ્રાપ્ત થયેલ પગની મદદથી હવે તે હોસ્ટેલમાં રહી ભણી શકે છે. તેનો રૂમ બીજા માળે છે, છતાં પણ તે ત્યાંથી સ્કૂલે જઇ શકે છે.’’ એક મેમણ ભાઇ તો વર્લ્ડની કોઇ પરીક્ષામાં પ્રથમ આવેલા. તો જુદા જુદા ભાઇ બેનોએ તેમના જુદા જુદા પ્રતિભાવ આપ્યા, જે ખૂબ સુખદ હતા.



સહુ કંઇક પ્રાપ્ત કર્યાના હર્ષાશ્રુ સાથે સ્વર્ગારોહણના ઉપકારથી ઉપકૃત થઇ, સહુનો પ્રેમ, આદર પામી સંતૃપ્તિનો આનંદ લઇ વિદાય થયા.

ધન્ય ધન્ય ગુરુદેવની પ્રાર્થનાથી પૂર્ણાહૂતિ થઇ. સહુ કન્યા વિદાય પછી શાંત થઇ જવાય તેમ શાંત થઇ ગયા. પ્રભુનું કાર્ય પ્રભુએ કર્યું, એ નમ્રતા અને અહંકાર રહિત ઉદ્‌ગારોથી પ્રભુનો આભાર માનતાં શ્રી શ્રી માએ યજ્ઞની પૂર્ણાહૂતી કરી. જન્મે મનુષ્ય હોવા છતાં વિકલાંગતાને લીધે પશુવત્ જીવન જીવતા જીવોનો શ્રી શ્રી માએ ઉધ્ધાર કર્યો. જાણે લાચાર જીવનમાંથી મુક્તિ અપાવી. આ જીવો માટે આનાથી બીજી મુક્તિ શું હોઇ શકે? હે મા! આપ અમને સદાય આવા સત્કૃત્યોમાં જોડતાં રહેજો. કોઇપણ પ્રકારની સેવાનો લાભ આપી અમારું જીવન ધન્ય બનાવજો.

હે મા, જીવનમાં ખોટી માનસિકતાના પરિણામે અમે કદી વિકલાંગ ન બનીએ. તેમ જ પ્રભુપ્રાપ્તિના કે પૂર્ણતાના જીવન ધ્યેયને કદી ન વિસરીએ. એવી જાગરૂક્તા આપજો.—એ જ પ્રાર્થના.

બધું જ મળે અને ભગવાન ન મળે તો કશું જ નથી મળ્યું, તેમ નિશ્ચિતપણે સમજી લેજો.

**—ભાણદેવજી**

# Except you–none else be in my existance

**Hemali**

Maa,

This soul within won't be free until this body realizes not to associate with the words "I or mine." It won't attain true knowledge & God–realization until it realizes all is yours & yours alone... So Maa please help the soul within realize that everything in this world is yours. You are closer to me than my own breath, but my ego is preventing me from seeing you. Help me to free from all attachment, free from this ego, and realize you in everyone, everything, and every situation. Help me become pure, and Maa, use this body as on instrument to do your work.

Maa. Maa. Maa. There is nothing else that gives me more happiness than being with Maa, talking with Maa, listening to Maa's laugh, and seeing Maa. Although its been 3 1/2 years, this mind still forgets and it wanders away from Maa. This mind is not constantly thinking of Maa, but it is definitely trying. In good & bad times, this mind remembers Maa. Why? Because Maa is the only one in this world who can & gives un conditional love. Maa, may I always remember you each & every moment so each waking moment is one of utter bliss.



Ramakrishna said, "Very few understand that the aim of human life is to see God." Maa, I've seen God because you've given me the privilege of seeing you. But, Maa, I want to be able to see you by my side every second. If you've the one who gave me life, if you've the one who gave me sight, if you've the one who gave these eyes your darshan, then you've the only one that can fulfill my prayer to see you by my side every second of every day.

Jai Krupalu Maa.

Contineous, Infinite Pranams.

વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.
**આ દિવસો પણ ચાલ્યા જશે.**
**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# મારા જીવનમાં આપ સિવાય કોઈ નહિ

**અનુ. નારાયણ હ. જાની**

'હું અને મારું' એ શબ્દો સાથેનો સંબંધ વિચ્છેદ જ્યાં સુધી આ શરીર નહિ કરી દે ત્યાં સુધી અંદર રહેલી આત્મિક ચેતના મુક્ત નહિ થાય. તેને સાચું જ્ઞાન પણ પ્રાપ્ત નહિ થાય. અને પ્રભુની અનુભૂતિ પણ ત્યાં સુધી નહિ જ થાય. આ બધું આપનું —અરે ફક્ત બસ આપનું જ છે, એવો અનુભવ પણ નહિ થાય. તો હે મા, કૃપા કરી મદદ કરો કે શરીરમાં રહેલ આત્મા અનુભવ કરે કે આ દુનિયામાં જે કંઇ છે, તે બધું જ આપનું (પ્રભુનું) જ છે (કારણ કે) તમે તો મારા શ્વાસ કરતાં પણ મારી વધુ નજીક છો. મારું અહં મને આપને મારી અંદર એ રીતે જોતાં અટકાવે છે તો હે મા, મને બધી આસક્તિઓ અને અહંવૃત્તિઓમાંથી મુક્ત થવામાં સહાય કરો, જેથી હું આપને દરેક વ્યક્તિ, વસ્તુ અને પરિસ્થિતિમાં અનુભવી શકું. મને એકદમ શુદ્ધ અને પવિત્ર બનવામાં હે મા, સહાય કરો તેમ જ આપનું કામ કરવાના સાધન તરીકે મારા શરીરનો ઉપયોગ કરો.

બસ, મા, મા અને મા જ, આપની સાથે ને પાસે રહેવામાં, વાતચીત કરવામાં, આપના મુક્ત હાસ્યને સાંભળવામાં અને આપને જોતાં રહેવામાં જે સુખ મળે છે, તે બીજા કશાથી જ મળતું નથી. જો કે સાડા ત્રણ વર્ષ જેટલા સમયથી આપના પરિચયમાં છું, છતાં મારું મન આપને ભૂલીને પૂ. 'મા'થી દૂર છટકી રખડવા માંડે છે. પૂ. માના જ સતત વિચાર કરતું નથી. છતાં એ સાચું છે કે સારા કે માઠા સમયમાં તે પૂ. માને જ યાદ કરે છે. શા માટે? કારણ કે આ દુનિયામાં તેઓ એકલાં જ એવાં



છે જે કોઈ પણ અપેક્ષા વગર પ્રેમ કરે છે ને પ્રેમ આપે છે. હે મા, એવી કૃપા કરો કે હંમેશાં હર ક્ષણે આપનું જ સ્મરણ કરતી રહું જેથી મારી હર જાગૃતિની પળ અનહદ આત્મિક સુખ આપનારી બની રહે.

શ્રી રામકૃષ્ણદેવે સાચું જ કહ્યું છે કે બહુ જૂજ લોકો સભાન છે કે માનવજીવનનો પ્રધાન હેતુ કેવળ ઈશ્વર પ્રાપ્તિનો છે. હે મા, મેં ભગવાનને જોઇ લીધા કેમ કે આપે મને આપને નિહાળવાનો અધિકાર આપ્યો. પરંતુ હે મા, (મને એટલાથી સંતોષ થોડો જ થાય) હું તો જીવનની હર ક્ષણે ને પળે આપ મારી સાથે જ હો તેમ ઈચ્છું છું, (કારણ કે) આપ જ એક એવાં છો જેમણે મને જીવન આપ્યું, સમજવાની શક્તિ ને દૃષ્ટિ આપી અને આ નેત્રો આપ્યાં જેનાથી હું આપનું દર્શન પામી શકી. તો હે મા, આપ એક જ એવાં સક્ષમ છો જે—મારી પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં દિવસની હરક્ષણે આપ મારી પાસે ને સાથે છો એમ હું અનુભવી શકું.

હે કૃપાળુ મા,

હેમાલીના સતત અને અનંતકોટી પ્રણામ.

ખરું કહું છું, તમે સંસારમાં રહો છો તેમાં દોષ નથી, પણ ઈશ્વરમાં મન રાખવું જોઇએ, તે વિના ન ચાલે. એક હાથે કામ કરો, બીજા હાથે ઈશ્વરને પકડી રાખો. કામકાજ પૂરાં થાય એટલે બેય હાથે ઈશ્વરને પકડો.

**—શ્રી રામકૃષ્ણદેવ**

# સમર્પિત જીવન

**સ્વામી જપાનંદ**

ફરિદપુર બંગાળનું એક નાનું શહેર હતું. અત્યારે એ બાંગ્લાદેશમાં આવેલ છે. સ્વચ્છ અને સુંદર શહેર હતું. બંગભંગના વિરોધમાં જ્યારે આંદોલન થયું હતું ત્યારે ફરિદપુર નગરવાસીઓએ પણ એમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને અંગ્રેજ સરકારને ઠીક ઠીક પ્રમાણમાં હેરાન—પરેશાન કરી હતી. ઘણા મોટા વિદ્વાનો અને માતૃભૂમિની સેવામાં સર્વસ્વ હોમી દેનારા સ્વદેશ ભક્તો ઘણી મોટી સંખ્યામાં અહીં જન્મ્યા હતા. એમણે બંગાળનું અને ભારતનું ગૌરવ વધાર્યું હતું.

૧૯૨૩માં વિશેષ આમંત્રણ મળતાં સંન્યાસી પરિવ્રાજક(સ્વામી જપાનંદ) ફરિદપુર ગયા હતા. થોડા દિવસ એક આશ્રમમાં રોકાયા. એ આશ્રમની સામે સડકની પેલે પાર એક મેદાન જેવી જગ્યા હતી. એની પરિધિમાં બંગાળની ખાસ રીતિથી બંધાયેલું ઉપર ઘાસ અને પરાળથી છવાયેલું, માટીનું હોવા છતાં પણ અત્યંત ભવ્ય એક ઘણું મોટું મકાન હતું. એ મકાનના માલિક એક વૈધરાજ હતા.

વૈધરાજ સૌમ્ય, અતિવિનયી અને ભક્તહૃદયના હતા. એમનાં પત્ની પણ સુલક્ષણાં, સુરૂપ અને સુશીલ હતાં. બંનેનું સ્વાસ્થ્ય સારું હતું. એમને ૧૨ વર્ષની પુત્રી અને ૮ વર્ષનો પુત્ર હતાં. ચહેરે—મહોરે ઉચ્ચકુળના હોય એવું લાગતું. બંન્ને સ્વસ્થ અને સુંદર દેહકાંતિવાળાં હતાં.

આ પરિવ્રાજક જ્યારે ફરિદપુર પહોંચ્યા એ જ દિવસે



વૈધરાજે આવીને પોતાનો પરિચય આપ્યો અને સત્સંગ માટે ત્યાં નિત્ય આવશે, એમ કહીને વિદાય લીધી. ત્યાર પછી તેઓ દરરોજ આવવા લાગ્યા અને પ્રેમપૂર્વક વિવિધ ધર્મચર્ચામાં ભાગ પણ લેવા માંડ્યા. લગભગ એક મહિનો થઇ ગયો હતો. એક દિવસ પરિવ્રાજક સંન્યાસીએ જોયું કે વૈધરાજનાં બંને સંતાનો આશ્રમ પાસેના એક વિશાળ આંબાની ઝાડની છાયામાં રમતાં હતાં. સવારના નવ—સાડા નવ વાગ્યા હશે. ત્યાર પછી લગભગ બે વાગ્યે જોયું તો બંન્ને ત્યાં જ હતાં. એટલે મેં છોકરીને બોલાવીને પૂછ્યું: 'કેમ, શું થયું છે? અત્યાર સુધી અહીં છો અને ભોજન કરવા કેમ ન ગઇ?' છોકરી આંખો નીચી કરીને ઊભી રહી ત્યારે તેનો ભાઇ ત્યાં આવી ગયો. એનું મોં ભૂખને લીધે રુખુંસૂકું લાગતું હતું. મેં પૂછ્યું: 'કેમ બેટા! આજ ઘરમાં શું માએ ખાવાનું નથી આપ્યું?' પણ કંઇ જવાબ ન મળ્યો. પછી હું એમને લઇ ગયો અને એમને ખાવા માટે પાકાં કેળાં અને ધાણી લાવી દીધાં. મનમાં ને મનમાં વિચારવા લાગ્યો કે વૈધરાજ મળશે તો 'નાનાં બાળકોને આટલી વાર સુધી ભૂખ્યા રાખવાનો મતલબ શું છે?' એવું પૂછીશ.

વૈધરાજ ઘરમાં જ હતા અને ત્યાંથી છોકરાઓ કંઇક ખાઇ રહ્યાં છે, એ બધું જોઇ રહ્યા હતા. તેઓ ધીમે ધીમે આશ્રમમાં આવ્યા અને છોકરાં એમને જોઇને ગભરાઇ ગયાં. પણ પરિવ્રાજક સંન્યાસીનું આશ્વાસન મળતાં તેઓ શાંતિથી ખાઇને વળી પાછા આંબાના ઝાડ નીચે જઇને રમવા લાગ્યાં. મેં પૂછ્યું: 'શું વૈધરાજ, શું વાત છે! આજ અત્યાર સુધી રસોઇ નથી થઇ શું? છોકરાં ભૂખ્યાં છે.'

આ સાંભળીને વૈદ્યરાજ પોતાની દૃષ્ટિ જમીન પર ઠેરવીને શાંત બેસી રહ્યા. થોડીવાર પછી મૌન તોડીને કહ્યું: 'હવે આપની પાસે શું છુપાવવું, સ્વામીજી. હા, આજે રસોઇ નથી થઇ. ઘરમાં કંઇ નથી... પરંતુ સાંજ સુધી તેઓ(પરમેશ્વર) જરૂર કંઇક દઇ દેશે. દરરોજ આપે છે. આજ સુધી ક્યારેય આવી રીતે એકદમ ઉપવાસ ખેંચવો પડ્યો નથી. એમની કૃપાથી કંઇક મળી જ જાય છે.' મેં કહ્યું: 'પણ વૈદ્યરાજ, ઓછામાં ઓછું આ બાળકોને બીજા કોઇ સગા—સંબંધીઓને ત્યાં નહિ પણ મારી પાસે મોકલતા હો તો?' આ સાંભળીને વૈદ્યરાજ બોલી ઉઠ્યા: 'ના, સ્વામીજી. આ બંને બાળકો પણ જ્યારે એની મા ચૂલો પેટાવતી નથી ત્યારે તેઓ સમજી જાય છે કે ઘરમાં ખાવાનું અન્ન નથી અને છાનામાનાં બહાર જઇને મોટે ભાગે આવી જગ્યાએ રમ્યા કરે છે. જ્યાં સુધી એમની મા ન બોલાવે ત્યાં સુધી તેઓ બીજે ક્યાંય જતાં નથી અને આ જ જગ્યાએ રમ્યા કરે છે. બાકીના દિવસો તો જંગલી શાકપાન લાવીને મીઠા સાથે ખાવા આપી દે છે. પણ આજે તો એય ન મળી શક્યા. એનું કારણ એ છે કે વધારે વરસાદને કારણે પૂર આવી ગયું અને ખાવા લાયક બધાંય જંગલી શાકપાન સડી ગયા છે. આ કારણે અત્યાર સુધી એમને કંઇ તે આપી શકી. પણ સ્વામીજી સાંજ સુધી તો તેઓ જરૂર કંઇ આપી દેશે, હંમેશા એમ આપી દે છે...' એટલામાં કોઇક મુસલમાન વૈધરાજને બોલાવવા આવ્યા અને કહ્યું: 'જલદી ચાલો, ઘરમાં ઘણી તકલીફ છે.' વૈદ્યરાજ વિદાય લઇને એની સાથે ચાલી નીકળ્યા. સાંજે જ્યારે પાછા ફર્યા ત્યારે બજારમાંથી ચોખા વગેરે આવશ્યક ચીજવસ્તુઓ લઇને આવ્યા. દૂરથી નાની



થેલી બતાવીને કહ્યું: 'જુઓ, સ્વામીજી! એણે આપ્યું છે!' અને પછી ઘરમાં ચાલ્યા ગયા. સંક્ષેપમાં કહેવાનું હતું તે કહેવાય ગયું.

વૈદ્યરાજની પરમ શ્રદ્ધા, અટલ વિશ્વાસ અને પ્રભુ શરણાગતિની દૃઢ ભાવના જોઇને હું સંન્યાસી રૂપે પણ મુગ્ધ બની ગયો. મારા હૃદયમાં વૈદ્યરાજ પ્રત્યે અત્યંત શ્રદ્ધા અને પ્રેમ ઉમટી આવ્યાં.

ઘરે સામગ્રી રાખીને વૈદ્યરાજ હસતાં હસતાં ફરી આવ્યા અને કહ્યું: 'હું તો કહેતો હતો સ્વામીજી કે ભગવાન સાંજ સુધીમાં જરૂર દઇ દે છે. ભગવાને આજ સુધી સાવ ખાલી પેટે રાખ્યા નથી. ઘરમાં એક દાણોય પણ ન હોય પણ અપાર કૃપાળું ભગવાન અવશ્ય કંઇક ને કંઇક આપી દે છે, આવું તો ઘણા દિવસોથી થયા કરે છે... અને એમની કૃપા અસીમ છે, આ બાળકો પણ જો ખાવા માટે રડવા લાગે તો મા—બાપની માનસિક સ્થિતિ કેવી થઇ શકે, એ આપ સમજી શકો છો. પરંતુ તેઓ ચૂપચાપ બહાર રમવા ચાલ્યા જાય છે. ક્યારેક ક્યારેક તો રાત સુધી આવી રીતે ખાલી પેટે રહીને પણ ઘરે જઇને કંઇ માગતાં નથી... કેવળ એટલું જ નહિ, તેઓ પોતાના સગાં—સંબંધીઓને ઘરે પણ નથી જતાં. એમની માતાએ એમને ના કહી છે, એટલે જ કોઇની પાસેથી ખાવાનું માગતાં નથી. પણ આજે હું આશ્ચર્યચકિત થઇ ગયો છું કે આપની પાસે આવીને એ બંન્ને ખાવા લાગ્યાં. મારાં પત્ની પણ મને ક્યારેય 'આ લઇ આવો' એવું કહેતાં નથી. કોઇ વસ્તુની ક્યારેય માગણી કરતાં નથી. પેટીમાં પૈસા છે કે નહિ એ પોતે જ જોઇ લે છે અને પેટીમાં કંઇ

ન હોય તો ઈશ્વરનું સ્મરણ કરીને ચૂપચાપ રહે છે. પોતાનું કર્તવ્ય જેટલું બની શકે તેટલું નિભાવે છે.'

આ સાંભળીને મેં કહ્યુંઃ 'પણ વૈધરાજ એ બંને બાળકોએ કંઇ માગ્યું નથી. મેં જ બોલાવી લીધા હતા અને મારી સાથે આપનો સંબંધ કંઇક જુદો જ છે, એવું સમજીને કદાચ એમણે રાજી થઇને ખાવાનું સ્વીકાર્યું છે.' વૈદ્યરાજ બોલ્યાઃ 'હા, સ્વામીજી! એક સૌભાગ્યની વાત છે કે તેઓ આપની સાથે પ્રેમ રાખે છે. આપની પાસેથી એમણે કંઇક ખાવાનું લીધું છે, એમાં મને જરાય વાંધો નથી. આ તો આનંદની જ વાત ગણાય.'

મેં કહ્યું : 'પણ વૈદ્યરાજ, એક વાત છે. ગૃહસ્થના ઘરમાં જો કંઇ ન હોય તો કોઇ બીજા ગૃહસ્થ પાસેથી ઉધાર લઇને પોતાના ઘરનું ગુજરાન ચલાવ્યા કરે છે ને?' આ સાંભળીને વૈદ્યરાજે કહ્યુંઃ 'હા, એ વાત સાચી સ્વામીજી, પણ મારા પૂજ્ય પિતાશ્રીએ એવો આદેશ આપ્યો છે કે ક્યારેય ઉધાર ન લેવું. હું આ મનાઇના આદેશ અનુસાર ચાલવાનો પ્રયત્ન કરું છું, કોઇ પણ વસ્તુ ઉધાર લેતો નથી અને ભગવાન જો સાંજ પડતાં ખાવાનું કંઇક દઇ દે છે તો પછી...' મેં કહ્યુંઃ 'પરંતુ વૈદ્યરાજ, આપની પાસે તો દવા લેવા ઘણા લોકો આવ્યા કરે છે, આમ છતાંયે આવી હાલત કેમ?'

એ સાંભળીને વૈદ્યરાજે કહ્યુંઃ 'હા, સ્વામીજી. આ વાત સાચી છે કે મારી સેવા લેવા માટે ઘણા લોકો આવે છે અને જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી હું પ્રેમભાવે એમની યથોચિત સેવા કરું છું, દવા મારી પાસે હોવાથી એને આપું છું અને ન હોય તો દવાની વિગતવાર નોંધ લખીને આપું છું. એ લોકો બજારમાંથી



બધું લઇ લે છે.. મારા પિતાશ્રીનો એવો આદેશ હતો કે ક્યારેય કોઇ પાસેથી દવા માટે કે વિઝિટના પૈસા ન લેવા. હું એમની એ આજ્ઞાનું પણ પાલન કરું છું. જે કોઇ પૂછે એને દવાનું ઉચિત મૂલ્ય બતાવી દઉં છું અને એ જે કંઇ આપે તે લઇ લઉં છું. મોટા ભાગના લોકો તો ઓછું જ આપે, પણ જેવી ઇચ્છા! વિઝિટ માટે પણ આવો જ નિયમ પાળું છું. વિઝિટના બે રૂપિયા રાખ્યા છે, પણ લોકો જે આપે તે લઇ લઉં છું અને ન દે તો માગતોયે નથી.'

આ સાંભળીને મેં કહ્યુંઃ 'ઘણું સારું, વૈદ્યરાજ. પણ આપ હિસાબ—કિતાબ લખી રાખો છો કે નહિ? એનું કારણ એ છે કે ઘણા દિવસો પછી કોઈ આવીને પૂછે કે કેટલા પૈસા થયા તો એ વખતે યાદ કરીને કહેવું મુશ્કેલ પડી જાય.' વૈદ્યરાજે કહ્યુંઃ 'જી, હા. પ્રમાણિત હિસાબ રાખું છું. કોઇ પૂછે તો એક મિનિટમાં બતાવી શકું છું.' મેં કહ્યુંઃ 'વાહ.. જો આપને કંઇ વાંધો ન હોય તો એ હિસાબની નોંધ મને બતાવશો ખરા?' વૈદ્યરાજે જરા વિચારીને કહ્યુંઃ 'આપની સામે ગોપનીય કંઇ નથી.' એમ કહીને એ ઊભા થયા અને હિસાબની નોંધપોથી લઇ આવ્યા. વાસ્તવિક રીતે હિસાબ બહુ સુંદર અને પ્રામાણિક રીતે રાખ્યો હતો. એમાં નામ, ઠેકાણું, તારીખ, દવા, એની કીંમત અને બાકી રહેતી રકમની સાથે બીમારી, વિઝિટનો સમય, વગેરે હતાં.

એ યાદીમાંથી આશ્રમ સાથે સંકળાયેલા બે ત્રણ સજ્જનોનાં નામ પણ હતાં અને આ પરિવ્રાજક સંન્યાસીએ તરત જ અડસટે ગણતરી કરીને જોયું તો એમની પાસે બાકી રહેતી રકમ હજાર— બે હજાર રૂપિયાથી ઓછી નહિ હોય! બીજા કેટલાક એવાય

સજ્જન ગૃહસ્થો હતા જેમણે વર્ષો સુધી એમની સેવા લીધી અને લેતાં રહ્યા પણ ક્યારેય પૈસા દેવાની વાત જ વિચારી નહિ! એનું મુખ્ય કારણ કદાચ આ હશે કે વૈદ્યરાજ ક્યારેય માગતા નહિ, બિલ મોકલતા નહિ, અને એ બધા લોકો માટે એ પોતાના ઘરના માણસ જેવા થઇ ગયા હતા. આવા પોતાના માણસ માટે વિચારવાનું શું હોય?..

વૈદ્યરાજના ઘરેથી કહેણ આવ્યું. ખાવાનું તૈયાર થઇ ગયું હતું. નમસ્કાર કરીને તેઓ ચાલ્યા ગયા. આ પરિવ્રાજક સંન્યાસીએ તત્કાળ આશ્રમના સચિવને બોલાવીને બધી વાત જણાવી. જે બે—ચાર લોકો આશ્રમના ઘનિષ્ઠ સંપર્કમાં હતા એમને બોલાવી લાવવા કહ્યું. એ લોકો આવ્યા એટલે આ સંન્યાસીએ બધી વાત એમને કરી અને કહ્યું: 'સજ્જનો, આ અનુચિત છે. આ વિશે વૈદ્યરાજે તો આપને કંઇ નથી કહ્યું, હું આપને એટલું કહું છું કે તેઓ માગતા નથી, એ કારણે એને દેવાનું ભૂલી જવું એ યોગ્ય નથી. સમય આવે એટલે એને આપી દેવું જોઇએ એ ધર્મ છે.'

આ સાંભળીને પેલા સજ્જનો કહેવા લાગ્યા: 'પણ સ્વામીજી, વૈદ્યરાજ તો અમારા ઘરના માણસ જેવા છે. એમણે એમને કંઇ કહ્યું નહિ અને આપને...' મેં કહ્યું: 'આપ વળી પાછી એ જ વાત કરી રહ્યા છો. મેં એકવાર સ્પષ્ટ કરી દીધું છે કે વૈદ્યરાજે મને કંઇ કહ્યું નથી. આ બધાનો તો એમના લખેલા હિસાબની નોંધ જોઇને મને ખ્યાલ આવ્યો. વળી એમની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને હું આપને આ વાત કરું છું. એટલે વૈદ્યરાજને વચ્ચે ન લાવો... તમે બધા ધર્મપ્રાણ લોકો છો. આપ



જેવાની નૈતિક ફરજ એ છે કે કોઇ પણ વ્યક્તિની મજૂરી સમયસર ચૂકવવી જોઇએ. પછી એ માગે કે ન માગે. એટલે જ જે યોગ્ય આપવાની રકમ થતી હોય તે યથા સમયે ચૂકવી દો.'

એ સદ્‌ગૃહસ્થો ઘરે ચાલ્યા ગયા અને થોડા રૂપિયા લગભગ ૭૦૦ રૂપિયા રાતે પહોંચાડી દીધા. સવારે બીજા કેટલાક લોકોએ પણ પૈસા આપ્યા. બે દિવસમાં વૈદ્યરાજને લગભગ રૂ.૧૫૦૦ની રકમ મળી. આની તો એમણે કલ્પનાયે કરી ન હતી... પરંતુ રાતના દસ વાગ્યા પછી વૈદ્યરાજ રડતાં રડતાં આવ્યા અને કહ્યું: 'મહારાજ, આપે આ શું કર્યું? શા માટે કર્યું? મને અપાર દુઃખ થાય છે. જે હું ક્યારેય કરતો નથી, તે આપે કરી દીધું, હવે મારું શું થશે?' વગેરે કહેતાં કહેતાં એ રડવા લાગ્યા. આ સાંભળીને મેં કહ્યું: 'તમે તો કંઇ કહ્યું નથી, મેં જ કહ્યું અને એનાથી જો કોઇ દોષ કે પાપ થયાં હોય તો એ મારાં જ છે. તેઓ સદ્‌ગૃહસ્થ છે, ધર્મપ્રાણ છે પણ પોતાનું કર્તવ્ય ચૂકી ગયા હતા. એક સંન્યાસીએ એને એ યાદ અપાવી દીધું અને સંન્યાસીનું કર્તવ્ય પણ આ જ છે... તમે દુઃખી થાઓ છો, એ આપના ઉચ્ચ સંસ્કારનું લક્ષણ છે. એ જોઇને મને આનંદ થાય છે. સાચા ધાર્મિક વ્યક્તિને જ આવું થતું હોય છે... આપ નિશ્ચિંત રહો આ કામ આપે કર્યું નથી પરંતુ ઈશ્વરની પ્રેરણાથી એ કામ મારા દ્વારા થઇ ગયું. એટલે દોષ કે પાપનો અહીં કોઇ પ્રશ્ન જ નથી. આપ શાંત ચિત્ત થઇ જાઓ અને આરામ કરો.' વૈદ્યરાજ સજલ આંખે ઊઠીને ધીમે ધીમે ત્યાંથી ચાલ્યા ગયા.

બીજે દિવસે સવારે ઠીક ઠીક મોડેથી જ્યારે તેઓ ફરીથી મળ્યા ત્યારે એમની મુખાકૃતિ વેદનાપૂર્ણ હતી, જાણે કોઇ

શોકાઘાત થયો હોય તેવી. આશ્ચર્ય! મનુષ્ય આવા પણ હોય છે. ત્રીજે દિવસે આગ્રહપૂર્વક મને પોતાને ઘરે લઇ ગયા. એમની ધર્મપત્નીનો જ આ વિશેષ આગ્રહ હતો. મેં ત્યાં જઇને જોયું તો સાડી, ધોતિયું વગેરે તડકામાં સુકાતાં હતાં—એકદમ ફાટેલાં ચીથરાં જેવાં, ગાંઠ વાળી વાળીને કોઇ રીતે આબરૂની રક્ષા માટે યોગ્ય ઉપયોગી બનાવવાનો એમાં પ્રયાસ જોવા મળતો હતો. મેં પૂછ્યુંઃ 'વૈદ્યરાજ, આ શું?' વૈદ્યરાજે કહ્યુંઃ 'રાતે ઘરમાં એને વાપરતાં રહ્યા, દિવસે બહાર માટે પહેરવાનું બધાંને માટે એકએક વસ્ત્ર છે અને સવારે બજારમાંથી ખરીદી લાવીશ. આપે જ ધન અપાવ્યું છે.' આમ કહીને એની આંખોમાં આંસું છલકાવા લાગ્યાં. સતીનાં નેત્રોમાં પણ આંસું હતાં. પછી મેં જોયું કે આ દિવ્ય ગૃહસ્થનું ઘર અત્યંત પવિત્ર દેવાલય જેવું સ્વચ્છ, સુંદર, સુરુચિપૂર્ણ અને વ્યવસ્થિત હતું. એ કેવળ માટીનું બનેલું હતું એટલું જ પણ એ ઘરમાં એક એવું આધ્યાત્મિક વાતાવરણ મળ્યું કે જે મારી દૃષ્ટિએ અનોખું હતું, અપૂર્વ હતું.

(સાભાર—શ્રીરામકૃષ્ણ જ્યોત—ફેબ્રુઆરી ૨૦૦૯)

આનંદ પ્રાપ્ત કરવો એ જ દરેક પ્રાણીનો ઉદ્દેશ છે, એ આનંદ શાંતિવગર આવતો નથી, શાંતિ શ્રદ્ધાવગર મળતી નથી, અને એ શ્રદ્ધા યોગ્ય કારણોવાળી હોય ને સત્‌શાસ્ત્ર અનુસાર અનુભવી પુરુષદ્વારા ઉત્પન્ન થઇ હોય તો જ સાર્વદા ટકી રહે છે. **—નાથવચનામૃત**



# માસિક ધર્મ અને સાધના

**યોગેશ્વરજી**

**પ્રશ્ન :** સ્ત્રીઓ જ્યારે માસિક ધર્મમાં હોય છે ત્યારે એમનાથી પાઠપૂજા, જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય અથવા ધર્મગ્રંથોના વાચનની સાધના થઇ શકે કે ના થઇ શકે? કેટલાક લોકો, વિદ્વાનો કે સંતપુરુષો એ બાબતમાં ખૂબ જ કડક હોય છે ને કહે છે કે એમનાથી કશું જ ના થઇ શકે. એમણે તો કાંઇ પણ કર્યાસિવાય એક ઠેકાણે બેસી જ રહેવું જોઇએ.

**ઉત્તર :** મને પોતાને એમની પેઠે કડક થવાનું ઠીક નથી લાગતું.

**પ્રશ્ન :** તો પછી તમે એ સંબંધમાં શું માનો છો?

**ઉત્તર :** મારું માનવું એવું છે કે માસિક ધર્મના દિવસોમાં પણ સ્ત્રીઓથી પાઠ, જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય અથવા ધર્મગ્રંથોનું વાચનમનન થઇ શકે.

**પ્રશ્ન :** બધી રીતે?

**ઉત્તર :** હા. બધી જ રીતે. એને લીધે સમયનો સદુપયોગ થાય છે ને સમય સુધરે છે. જીવનની પ્રત્યેક પળ મૂલ્યવાન છે. એનો સદુપયોગ થવો જ જોઇએ. બનતી બધી જ પળોને ધર્માચરણમાં લગાડી દેવી જોઇએ. જીવન અતિશય ચંચળ છે તે પાણીના રેલાની પેઠે ઝડપથી વહી રહ્યું છે. તેનો કશો ભરોંસો નથી તે ક્યારે સમાપ્ત થશે કે તેના પર ક્યારે પડદો પડી જશે તે કોઇ જ નથી કહી શકે તેમ. તેના પર પડદો પડી જાય તે પહેલાં જેટલું બને તેટલું સત્કર્મ કરી લેવું જોઇએ. માસિક ધર્મના દિવસોને પણ વ્યર્થ શા માટે ખોવા? તે દિવસો દરમિયાન અને

બીજા બધા જ દિવસો દરમિયાન કોઇ જાતના કુકર્મને ના કરવું જોઇએ. એવું કુકર્મ ના થાય તેનું જેટલું બને તેટલું ધ્યાન પણ રાખવું જોઇએ. પરંતુ સત્કર્મ કરવાથી કશો દોષ નથી લાગતો. સત્કર્મનો ત્યાગ તો કદાપિ ના કરવો જોઇએ.

**પ્રશ્ન :** તો પછી માસિક ધર્મના દિવસો દરમિયાન મંદિરમાં જઇ શકાય કે વિધિપૂર્વક પૂજા કરી શકાય?

**ઉત્તર :** મંદિરમાં જવાનું અને વિધિપૂર્વક પૂજા કરવાનું કામ એટલા દિવસો પૂરતું પરંપરાને માન આપીને બંધ રાખી શકાય, પરંતુ પ્રાર્થના, જપ, ધ્યાન, પાઠ ને સ્વાધ્યાય વિનાસંકોચ કરી શકાય છે ને કરવાનો આગ્રહ રાખવો જોઇએ. માનસિક પૂજા કરવામાં કશી જ હરકત નથી ને ના હોવી જોઇએ. યોગની આસન તથા પ્રાણાયામજેવી ક્રિયાઓથી વધારે પડતો શારીરિક પરિશ્રમ પડતો હોઇ, અને એ દિવસો વિશેષે કરીને શારીરિક આરામના હોઇને, એવી ક્રિયાઓને ના કરવી જોઇએ.

**પ્રશ્ન :** કેટલાક લોકો કહે છે કે એ દિવસોમાં જપ કરવાથી ને ગીતા કે રામાયણ જેવા ગ્રંથો વાંચવાથી પાપ લાગે છે.

**ઉત્તર :** એમનું કથન બરાબર નથી. એથી પાપ લાગે છે એવું કોઇ પણ વિવેકી પુરુષ નહિ માની શકે. જે વિવેકને ગીરે મૂકીને વિચારે છે કે બોલે છે તેમની વાત જુદી છે. એવા પુરુષોથી ખોટી રીતે પ્રભાવિત થવાનું ઠીક નથી. ગીતા કે રામાયણ જેવાં ધર્મપુસ્તકોને વાંચવા વિચારવાથી પાપમાંથી મન પાછું વળે છે ને પાપ દૂર થાય છે એવું કોઇ કહેવું હોય તો તે સહેલાઇથી સમજી શકાય તેવું છે, પરંતુ એથી પાપ લાગે છે એવું કથન બરાબર નથી લાગતું. માણસ શુભાશુભ દશામાં આળસુ બનીને બેસી રહે ને ગમે તેવા અમંગલ વિપરીત વિચારો કરે એના કરતાં તો



ઈશ્વરસ્મરણ કરે ને ઉત્તમ પ્રકારનાં પુસ્તકો વાંચે તે વધારે સારું, આવકારદાયક અને લાભકારક છે. એને માટે તો એને બનતી બધી રીતે પ્રોત્સાહન આપવું જોઇએ.

**પ્રશ્ન :** તો પછી સમાજમાં આવા ઉલટા કે ભળતા વિચારો કે ખ્યાલો શા માટે પ્રચલિત છે?

**ઉત્તર :** એનું એક કારણ સમાજમાં ચાલતી આવતી રૂઢિ છે. બધા તે પ્રમાણે ચાલે છે ને ચલાવવાનો આગ્રહ રાખે છે. બીજું કારણ સ્વતંત્ર કે તટસ્થ વિચારસરણીનો અભાવ છે. ત્રીજું કારણ સાચું સમજવા છતાં એનો અમલ કરવાની નૈતિક હિંમત નથી હોતી તે છે. પરંતુ જેમ જેમ વિવેકશક્તિ વધતી જશે અને નૈતિક હિંમત પણ વધશે તેમ તેમ સાચું હશે તે સમજાતું અને અમલમાં મૂકાતું જશે.

મંગલમયયાત્રા અમંગલમય જણાય ત્યારે સૃષ્ટિને નહિ, દૃષ્ટિને બદલવાની જરૂર છે, જે સૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે ભૌતિકવાદી અને જે દૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે અધ્યાત્મી. **— ભાણદેવજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ** તેમ જ **દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪